# સાગરને ગાગરમાં સમાવિષ્ટ કરી સર્વોચ્ચતાની સાબિતિ આપનાર

## GPSC CLASS 1/2
## 13 ઓક્ટોબર, 2019ના
## રોજ આયોજિત પ્રિલિમ પરીક્ષામાં

કરંટ અફેર્સના 75 પ્રશ્નો




**કરંટ અફેર્સના 75 પ્રશ્નો CRACK GPSC 2019 (SPECIAL ISSUE) & ICE MAGIC માંથી પૂછાયેલ છે.**

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

icerajkotofficial | www.iceonline.in | | | icerajkot

# GPSC ANSWER KEY

| Sr. No. | Que.No | Answer | Provisional | Reference |
|---|---|---|---|---|
| 1 | 1 | B | B | CRACK GPSC-2019 PG.NO.-18 |
| 2 | 8 | C | D | CRACK GPSC-2019 PG.NO.-20 |
| 3 | 17 | C | C | CRACK GPSC-2019 PG.NO.-77,78 |
| 4 | 46 | C | C | CRACK GPSC-2019 PG.NO.-19 |
| 5 | 52 | D | D | CRACK GPSC-2019 PG.NO.-185 |
| 6 | 53 | D | D | CRACK GPSC-2019 PG.NO.-22 |
| 7 | 59 | B | B | CRACK GPSC-2019 PG.NO.-89 |
| 8 | 61 | B | B | CRACK GPSC-2019 PG.NO.No-23 |
| 9 | 63 | A | D | CRACK GPSC-2019 PG.NO.-25 |
| 10 | 64 | B | C | CRACK GPSC-2019 PG.NO.-114 |
| 11 | 65 | C | B | CRACK GPSC-2018 PG.NO.-154 |
| 12 | 66 | D | D | ICE MAGIC WEEK-37 PG.NO.-39 |
| 13 | 70 | D | D | CRACK GPSC-2019 PG.NO.-42 |
| 14 | 81 | B | B | CRACK GPSC-2018 PG.NO.-30 |
| 15 | 87 | C | C | CRACK GPSC-2019 PG.NO.-18 |
| 16 | 95 | B | B | CRACK GPSC-2019 PG.NO.-16 |
| 17 | 97 | D | D | CRACK GPSC-2019 PG.NO.-136 |
| 18 | 98 | B | B | CRACK GPSC-2018 PG.NO.-157 |
| 19 | 103 | A | A | CRACK GPSC-2019 PG.NO.-49 |
| 20 | 106 | B | B | CRACK GPSC-2019 PG.NO.-135 |
| 21 | 111 | B | B | ICE MAGIC WEEK-16 PG.NO.-19 |
| 22 | 112 | D | D | CRACK GPSC-2019 PG.NO.-156 |
| 23 | 113 | C | C | CRACK GPSC-2019 PG.NO.-18 |
| 24 | 114 | C | C | CRACK GPSC-2019 PG.NO.-19 |
| 25 | 115 | B | B | CRACK GPSC-2019 PG.NO.-112 |
| 26 | 117 | C | C | ICE MAGIC WEEK-40 PG.NO.-24 |
| 27 | 118 | D | D | ICE MAGIC WEEK-32 PG.NO.-29 |
| 28 | 119 | D | D | CRACK GPSC-2019 PG.NO.-102 |
| 29 | 120 | B | B | CRACK GPSC-2019 PG.NO.-163,164 |
| 30 | 121 | B | B | CRACK GPSC-2019 PG.NO.-198 |
| 31 | 123 | A | A | ICE MAGIC WEEK-37 PG.NO.1 |
| 32 | 126 | C | C | CRACK GPSC-2019 PG.NO.-153 |
| 33 | 128 | - | C | ICE MAGIC WEEK-37 PG.NO.27 |
| 34 | 130 | A | A | ICE MAGIC WEEK-38 PG.NO.34 Q.-43 |
| 35 | 131 | - | A | CRACK GPSC-2019 PG.NO.-15 |
| 36 | 134 | B | B | CRACK GPSC-2019 PG.NO.-195 |
| 37 | 135 | C | C | CRACK GPSC-2019 PG.NO.-13 |
| 38 | 137 | D | D | CRACK GPSC-2019 PG.NO.-87 |
| 39 | 138 | A | A | CRACK GPSC-2019 PG.NO.-176 |
| 40 | 139 | - | C | CRACK GPSC-2019 PG.NO.-87 |
| 41 | 141 | B | B | ICE MAGIC WEEK-29 PG.NO.12<br>WEEK-24 PG.NO.12 |
| 42 | 142 | A | A | CRACK GPSC-2019 PG.NO.-13 |
| 43 | 144 | C | C | CRACK GPSC-2019 PG.NO.-27 |

| | | | | |
|---|---|---|---|---|
| 44 | 145 | C | C | CRACK GPSC-2019 PG.NO.-31 |
| 45 | 146 | B | B | CRACK GPSC-2019 PG.NO.-30 |
| 46 | 150 | A | A | CRACK GPSC-2019 PG.NO.-6 |
| 47 | 155 | B | B | CRACK GPSC-2019 PG.NO.-81 |
| 48 | 157 | C | C | CRACK GPSC-2019 PG.NO.-53 |
| 49 | 165 | B | B | CRACK GPSC-2019 PG.NO.-70 |
| 50 | 167 | C | C | CRACK GPSC-2019 PG.NO.-58 |
| 51 | 169 | D | D | ICE MAGIC WEEK-34 PG.NO.2 |
| 52 | 171 | C | C | ICE MAGIC WEEK-35 PG.NO.-26 |
| 53 | 172 | B | B | ICE MAGIC WEEK-25 PG.NO.-21 |
| 54 | 173 | C | C | CRACK GPSC-2019 PG.NO.-63 |
| 55 | 175 | A | A | CRACK GPSC-2019 PG.NO.-87 |
| 56 | 176 | C | C | CRACK GPSC-2019 PG.NO.-196 |
| 57 | 177 | A | A | CRACK GPSC-2019 PG.NO.-38 |
| 58 | 178 | C | C | ICE MAGIC WEEK-38 PG.NO.-34 |
| 59 | 179 | D | D | ICE MAGIC WEEK-36 PG.NO.-33 |
| 60 | 187 | B | B | CRACK GPSC-2019 PG.NO.-189 |
| 61 | 189 | A | A | CRACK GPSC-2019 PG.NO.-93 |
| 62 | 198 | B | B | CRACK GPSC-2019 PG.NO.- 60 + WEEK-29(2018) PG.NO.-27 |
| 63 | 200 | B | B | ICE MAGIC WEEK-6(2018) PG.NO.-17 |
| | | | | |
| PAPER-1 SERIES-B | | | | |
| | | | | |
| 1 | 26 | C | C | ICE MAGIC WEEK-50(2018) PG.NO.-22 |
| 2 | 99 | D | D | ICE MAGIC WEEK-4 PG.NO.-14 |
| 3 | 101 | C | C | CRACK GPSC-2019 PG.NO.-106 |
| 4 | 110 | C | C | ICE MAGIC WEEK-31 PG.NO.-23 |
| 5 | 151 | C | C | ICE MAGIC WEEK-20(2018) PG.NO.-18 |
| 6 | 165 | A | A | ICE MAGIC WEEK-4 PG.NO.-33 |
| 7 | 169 | B | B | CRACK GPSC-2019 PG.NO.-3 |
| 8 | 183 | C | C | CRACK GPSC-2019 PG.NO.-28 |
| 9 | 186 | C | C | ICE MAGIC WEEK-37 PG.NO.-9 |
| 10 | 192 | D | D | CRACK GPSC-2019 PG.NO.-113 |
| 11 | 196 | A | A | ICE MAGIC WEEK-35(2018) PG.NO.-20 + ICE MGAIC WEEK-40(2018) PG.NO.-3 |
| 12 | 197 | A | A | CRACK GPSC-2019 PG.NO.-92 |




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.①

**1. આર્થિક સર્વેક્ષણ 2018-19 પ્રમાણે "Data" ને ને........તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યા.**

(A) ખાનગી વસ્તુ

(B) જાહેર વસ્તુ

(C) મેરીટ વસ્તુ

(D) જાહેર અને મેરીટ વસ્તુ

20નું સામાન્ય બજેટ રજૂ થયું તેના આગલા દિવસે એટલે કે, જુલાઈ 2019ના રોજ ભારતના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં આર્થિક સર્વેક્ષણ (Economic Survey) 2018-19 રજૂ કર્યું હતું.

=> **આર્થિક સર્વેક્ષણ શું છે ?**

- આર્થિક સર્વેક્ષણ એ એક પ્રકારનો દસ્તાવેજ છે.
- આર્થિક સર્વે ભારતના મુખ્ય આર્થિક સલાહકાર દ્વારા બનાવવામાં આવે છે. સામાન્ય રીતે કેન્દ્રીય નાણા મંત્રી લોકસભામાં જે દિવસે અંદાજપત્ર અથવા તો બજેટ રજૂ કરે તેના એક–બે કે ચાર દિવસ અગાઉ આ દસ્તાવેજ સંસદમાં રજૂ કરે છે. જેમાં ચાલુ નાણાકીય વર્ષની અર્થતંત્રની કામગીરીની સમીક્ષા રજૂ કરવામાં આવે છે.
- આ ઉપરાંત તેમાં આગામી નાણાકીય વર્ષ દરમિયાન અર્થતંત્રની કેવી તકો છે તેની આગાહી પણ કરવામાં આવે છે.
- આર્થિક સર્વેક્ષણમાં રજૂ થયેલા વિશ્લેષણને આધારે બજેટમાં નાણાકીય ફાળવણી કેવી રીતે કરવી તેનો તથા આગામી વર્ષમાં સંસાધનો કેવી રીતે એકત્ર કરવા તેનો નિર્દેશ મળે છે.

=> **આર્થિક સર્વેમાં શેના વિશે માહિતી પ્રાપ્ત થાય છે ?**

- આર્થિક સર્વેક્ષણમાંથી નીચેના વિષયો વિશે માહિતી પ્રાપ્ત થાય છે :

=> **સ્વચ્છ ભારત મિશન**

- સ્વચ્છ ભારત મિશન શરૂ થયા બાદ ભારતમાં અત્યાર સુધીમાં 9.5 કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ થયું છે.
- ભારતના 5.5 લાખ ગામો ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર થયા છે.
- સ્વચ્છ ભારત મિશનને કારણે ભારતના 93.1 ટકા પરિવારોને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ થઈ છે.
- ભારતના 30 રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વ્યક્તિગત ઘરેલુ શૌચાલયનું કવરેજ 100 ટકા થયું છે.
- ખુલ્લામાં હાજતથી મુક્તિને કારણે ભારતમાં ડાયરિયા (અતિસાર/ઝાડા/મરડો) અને મેલેરિયાના કારણે તથા મૃત્યુમાં ઘટાડો થયો છે.

=> **સામાજિક ક્ષેત્ર અને ગરીબી**

- આર્થિક સર્વેમાં જણાવ્યા અનુસાર, ભારતમાં સામાજિક ક્ષેત્રો અને ગરીબીની સ્થિતિમાં સુધારણા માટે ડેટા તૈયાર કરવો જોઈએ.
- અને સમાજના કલ્યાણ માટે તેને જાહેર કરવો જોઈએ.
- 'લોકોનો ડેટા (લોકોની માહિતી), લોકો દ્વારા અને લોકો માટે' સરકારનો મંત્ર હોવો જોઈએ.

=> **ભારતીય રેલવે**

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 18**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 8

**8. RBI ની નાણાંકીય નીતિ બાબતે નીચેના પૈકી કયું સંબંધીત નથી ?**

(A) કેશ રીઝર્વ રેશીયો
(B) રેપોરેટ
(C) ડાયરેક્ટ ટેક્સ રેટ(પ્રત્યક્ષ કર દર)
(D) ઉપરના પૈકી કોઈ નહીં

- સેવા, ઓટોમોબાઈલ અને કેમિકલમાં વર્ષ 2015-16થી સીધા વિદેશી રોકાણના પ્રવાહમાં વધારો થયો છે.
- MSME ક્ષેત્રે ફાળવવામાં આવેલી લોનને કારણે MSME ઉદ્યોગોનો વધારો થયો છે.
- મેન્યુફેક્ચર (ઉત્પાદન) અને કન્સ્ટ્રક્શન (નિર્માણ–બાંધકામ) ક્ષેત્રના સારા પ્રદર્શનને કારણે વર્ષ 2018-19માં ભારતમાં ઔદ્યોગિક વિકાસમાં વધારો થયો છે.
- વર્ષ 2018-19માં સેવા ક્ષેત્રની નિકાસ અને આયાતમાં ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ 2018-19માં સેવા ક્ષેત્રની નિકાસ અને આયાત ક્રમશઃ 5.5 ટકા અને 6.5 ટકા રહી છે. જે વર્ષ 2017-18 દરમિયાન ક્રમશઃ 18.8 અને 22.6 ટકા હતી.
- વર્ષ 2018-19માં અમેરિકન ડોલર, યેન, યુરો વગેરે જેવા મુખ્ય વિદેશી ચલણોની તુલનાએ ભારતીય ચલણ રૂપિયાનું 6.8થી 7.8 ટકા સુધી અવમૂલ્યન થયું છે. વર્ષ 2017-18 દરમિયાન ભારતીય રૂપિયાનું મૂલ્ય પ્રતિ ડોલર 65-68 રૂપિયા હતું. પરંતુ અવમૂલ્યનને કારણે વર્ષ 2018-19માં તે પ્રતિ ડોલર 70-74 રૂપિયા હતું.

=> **વર્ષ 2024-25માં ભારતીય અર્થતંત્ર**
- આર્થિક સર્વેમાં વર્ષ 2024-25 સુધીમાં ભારતીય અર્થતંત્ર 5 ટ્રિલિયન અમેરિકન ડોલર સુધી લઈ જવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના

કરી શકાશે, જે પહેલાં ફક્ત સવારે 8થી સાંજના 7 વાગ્યા સુધી થતા હતા.

- **નવા રેટ (6 જૂન 2019ની સ્થિતિએ)**

| ક્રમ | ઇન્ડીકેટર્સ | રેટ હવે |
|---|---|---|
| 1 | રેપો રેટ | 5.40 ટકા |
| 2 | રિવર્સ રેપો રેટ | 5.15 ટકા |
| 3 | CRR | 4.00 ટકા |
| 4 | SLR | 18.75 ટકા |
| 5 | MSF Rate | 5.65 ટકા |
| 6 | ફુગાવો | 3.21 ટકા |

=> **નોંધ :**
(1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહેવામાં આવે છે.
(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.
(3) CRRનું પૂરું નામ Cash Reserve Ratio છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 20**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 17

**17. બ્લેક હોલ વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?**

1. બ્લેક હોલ સ્પેસટાઈમનો એવો વિસ્તાર છે કે જ્યાં ગુરૂત્વાકર્ષણ બળ એટલું મજબૂત છે કે તેમાંથી કોઈ કણ કે વિદ્યુત ચુંબકીય તરંગો પણ છટકી શકતા નથી.
2. બ્લેક હોલની પ્રથમ તસવીર Event Horizon Telescope દ્વારા લેવામાં આવી.
3. બ્લેક હોલ વિશેનો પ્રથમવાર ખ્યાલ આઈઝેક ન્યૂટને રજૂ કર્યો.

(A) માત્ર 1 અને 3　(B) માત્ર 2 અને 3　**(C) માત્ર 1 અને 2**　(D) 1, 2 અને 3

સ્વતંત્ર અવકાશ એજન્સી છે.

- NASAનું પૂરું નામ 'National Aeronautics And Space Administration' છે.
- 29 જુલાઈ, 1958ના રોજ તેની સ્થાપના થઈ હતી. તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે આવેલું છે.
- નાસાનું ધ્યેય વાક્ય 'For the Benefit of All' છે.

**ખગોળ વિજ્ઞાનની ઐતિહાસિક ઘટના : બ્લેક હોલની તસવીર લેવામાં સૌપ્રથમ વખત મળી સફળતા**

- તાજેતરમાં 'એસ્ટ્રોફિઝિકલ' નામના જર્નલમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર ખગોળ વૈજ્ઞાનિકોને બ્લેક હોલની તસવીર લેવામાં સફળતા મળી છે.



=> **કયા ટેલિસ્કોપની મદદથી આ તસવીર લેવાઈ છે ?**

- કોઈ એક ટેલિસ્કોપની મદદથી આ બ્લેક હોલની તસવીર લેવાનું શક્ય ન હોવાથી Global network of radio telescopes દ્વારા વિશ્વમાં જુદા-જુદા સ્થળોએ આવેલા છ ટેલિસ્કોપની મદદથી આ તસવીર તૈયાર કરવામાં આવી છે.
- આ છ ટેલિસ્કોપમાં સ્પેન, મેક્સિકો, ચીલી તથા દક્ષિણ ધ્રુવ પર આવેલા 1-1 અને અમેરિકાના 2 ટેલિસ્કોપનો સમાવેશ થાય છે.
- આ ટેલિસ્કોપ દ્વારા મળેલી અબજો જીબી માહિતી જર્મનીની મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટમાં એકઠી કરવામાં આવી હતી.
- અને ત્યારબાદ આ માહિતીને આધારે આ તસવીર તૈયાર કરવામાં આવી હતી.
- Event Horizon Telescope (EHT) Collaboration દ્વારા હાથ ધરાયેલા પ્રોજેક્ટ અંતર્ગત આ તસવીર લેવામાં સફળતા મળી છે.

=> **બ્લેક હોલની તસવીર લેવાનો સૌપ્રથમ વિચાર કોણે આપ્યો હતો?**

- બ્લેક હોલની તસવીર લેવાનો સૌપ્રથમ વિચાર નેધરલેન્ડના વૈજ્ઞાનિક ડૉ. હેનીઓ ફલ્કે રજૂ કર્યો હતો.
- અમેરિકાના ભૌતિક શાસ્ત્રી શ્રી જ્હોન આર્કિબાલ્ડ વ્હિલરે 1967માં 'બ્લેક હોલ' શબ્દ આપ્યો હતો.
- 'બ્લેક હોલ' માટે ગુજરાતીમાં 'કૃષ્ણ વિવર' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

=> **નોંધ :**

(1) ઈંગ્લેન્ડના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી સ્ટીફન હોકિંગે બ્લેક હોલમાંથી રેડિયેશન બહાર નીકળે છે એવી માહિતી આપી હતી. જે 'હોકિંગ રેડિયેશન' તરીકે ઓળખાય છે.

(2) 'બ્લેક હોલ' અંગેની શ્રી સ્ટીફન હોકિંગની આ શોધના સન્માનમાં ઈંગ્લેન્ડ દ્વારા તાજેતરમાં 50 PenceGF 'Black hole' Coin પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

આવશે. ત્યારબાદ ઉચ્ચ-તબક્કાની તાલીમ માટે વિદેશનો સહારો લેવામાં આવશે. વાયુ સેના તરફથી 'ઈન્સ્ટીટ્યુટ ઓફ એરોસ્પેસ મેડીસીન અવકાશયાત્રીઓના પસંદગી અને તાલીમનું કાર્ય કરશે.

**DRDO દ્વારા આકાશ મિસાઈલનું પરીક્ષણ**

- તાજેતરમાં 25 અને 27 મે, 2019ના રોજ DRDO દ્વારા આકાશ મિસાઈલની નવી આવૃત્તિ AKASH-MK-1Sનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ભારતમાં ઓડિશાના બાલાસોરમાં આવેલા 'ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેંજ' ખાતેથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

=> **આકાશ મિસાઈલની વિશેષતા :**

- આકાશ ભારતની ઓછા અંતરની જમીનથી હવામાં પ્રહાર કરતી સ્વદેશી મિસાઈલ છે.
- 25 કિલોમીટરની રેન્જ ધરાવતી આ મિસાઈલ કોઈપણ ઋતુ કે વાતાવરણમાં પોતાના લક્ષ્યને સચોટ રીતે ભેદવાની ક્ષમતા ધરાવે છે.
- આ મિસાઈલ યુદ્ધ વિમાન, ક્રૂઝ મિસાઈલ તથા બેલેસ્ટિક મિસાઈલને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.
- ભારત ડાયનામિક્સ લિમિટેડ (BDL) દ્વારા તેનું નિર્માણ કરવામાં આવેલું છે.

=> **મિસાઈલના લક્ષણો**

- આ એક સુપરસોનીક મિસાઈલ છે જે સપાટી પરથી હવામાં પ્રહાર કરી શકે છે.
- તે એક સાથે એકથી વધુ લક્ષ્યોને ભેદવાની શકિત ધરાવે છે.
- આ મિસાઈલમાં 'કમાન્ડ ગાઈડન્સ' અને ટર્મીનલ ગાયડન્સ એમ બંને સંયુક્ત રીતે વાપરવામાં આવેલા છે.
- તે આક્રમણ કરતાં શસ્ત્રોને નિષ્ક્રીય કરી શકે છે. ઉપરાંત દુશ્મનોના વિમાન તથા ડ્રોનને પણ તોડી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 46

**46. આર્થિક સર્વેક્ષણ 2018-19 સંદર્ભે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

1. વાર્ષિક વસ્તીનો વૃદ્ધિ દર 2011-21માં 1.1% થી વધી 2031-41માં 1.5% થવાની સંભાવના છે.
2. સેવા ક્ષેત્રએ (બાંધકામ ક્ષેત્ર સિવાય) ભારતના કુલ મૂલ્યવર્ધનમાં (GVA) 54.3% જેટલો ફાળો આપ્યો.
3. સેવા ક્ષેત્રનો રોજગારીમાં ફાળો 34% છે.
4. ભારત વિશ્વની 18% વસ્તી ધરાવતો દેશ છે, પરંતુ તે વિશ્વના પ્રાથમિક ઊર્જાનો માત્ર 6% ઉપયોગ કરે છે.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

2018માં મંદી આવી છે.

- વૈશ્વિક ઉત્પાદનમાં વર્ષ 2017ની તુલનાએ વર્ષ 2018માં ઘટાડો થયો છે. વર્ષ 2017માં વૈશ્વિક ઉત્પાદનનો વૃદ્ધિ દર ૫઼઼ ટકા હતો. જે વર્ષ 2018માં ઘટીને 3.6 ટકા થઈ ગયો છે.
- આ ઉપરાંત WTOના રિપોર્ટ અનુસાર વિશ્વ વ્યાપારનો વિકાસ વર્ષ 2017ના 4.6 ટકાની તુલનાએ વર્ષ 2018માં ઘટીને 3 ટકા થઈ ગયો છે.
- આમ, સમગ્ર વિશ્વમાં મંદીનો માહોલ હોવા છતાં પણ નાણાકીય વર્ષ 2018-19માં ભારતે વિશ્વમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા મુખ્ય અર્થતંત્રોમાં તેનું સ્થાન જાળવી રાખ્યું છે.
- વર્ષ 2017-18માં ભારતમાં 7.2 ટકા જેટલો ઉંચો GDP વૃદ્ધિ દર જોવા મળ્યો હતો. અને ત્યારબાદ વિપરિત સંજોગોમાં પણ વર્ષ 2018-19 દરમિયાન મામૂલી ઘટાડા સાથે ભારતમાં ૬.૮ ટકા GDP વૃદ્ધિ દર જોવા મળ્યો છે.
- વર્ષ 2018-19 દરમિયાન જોવા મળેલા આ ઘટાડાનું કારણ કૃષિ અને તેની સાથે સંકળાયેલા ક્ષેત્રો, વ્યાપાર, હોટેલ, પરિવહન, સંચાર, પ્રસારણ સંબંધિત સેવાઓ અને સંરક્ષણ ક્ષેત્રોમાં નીચો વિકાસ દર હતું.
- આ ઉપરાંત 2018-19 દરમિયાન GDP વૃદ્ધિ દરમાં ઘટાડાનું અન્ય કારણ સરકાર દ્વારા ખર્ચમાં ઘટાડો તથા સ્ટોકમાં ફેરફાર વગેરે પણ છે.
- આમ છતાં, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન (2014-15 બાદ) ભારતનો સરેરાશ વાસ્તવિક GDP વૃદ્ધિ દર 7.5 ટકા જેટલો ઉંચો રહ્યો છે.

=> **પ્રત્યક્ષ વિદેશી રોકાણ**

- ભારતમાં વર્ષ 2018-19 દરમિયાન પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment-FDI)ની આવકમાં 14.2 ટકાનો વધારો થયો છે.

=> **2040માં ભારતની વસતીનું સ્વરૂપ**

- આવતા બે દાયકામાં ભારતમાં વસતી વૃદ્ધિ દરમાં ઝડપથી ઘટાડો થવાની સંભાવના છે. જેનાથી ભારતના મોટા ભાગના વિસ્તારોમાં લાભ થશે. જોકે, 2030 સુધીમાં ભારતના કેટલાક રાજ્યોમાં વૃદ્ધોની સંખ્યા વધારે હશે.
- 2021-31 દરમિયાન ભારતમાં કામ કરવાની ઉંમર ધરાવતી વસતીમાં અંદાજે 9.7 મિલિયન પ્રતિ વર્ષ તથા 2031-41 દરમિયાન તેમાં 4.2 મિલિયન પ્રતિ વર્ષ વૃદ્ધિ થશે.
- આવતા બે દાયકામાં ભારતમાં પ્રાથમિક સ્કૂલે જતા બાળકો (5 થી 14 વર્ષની ઉંમરના)ની સંખ્યામાં ઘટાડો થશે.
- ભારતમાં 2021-41 દરમિયાન સ્કૂલે જતા બાળકોની સંખ્યામાં 18.4 ટકાનો ઘટાડો થશે.
- આથી, રાજ્યોએ હવે નવી સ્કૂલોના નિર્માણની જગ્યાએ સ્કૂલોના એકીકરણ તથા વિલય પર ધ્યાન આપવું પડશે.
- હાલના સમયમાં ભારતના તમામ મુખ્ય રાજ્યોમાં વસતી વૃદ્ધિ દરમાં ઘટાડો થયો છે. તેમ છતાં બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં હજી પણ વસતી વૃદ્ધિ દર ઉંચા સ્તરે છે.
- ભારતમાં હાલ કુલ ગર્ભધારણ દરમાં ઘટાડો થયો છે. વર્ષ 2021 સુધીમાં રાષ્ટ્રીય કુલ ગર્ભધારણ દર, પ્રતિસ્થાપન દરથી ઓછો રહેવાની સંભાવના છે.
- ભારતની વસતીમાં 0-19 વર્ષની ઉંમર ધરાવતા યુવાનોની સંખ્યા 2011ના સર્વોચ્ચ સ્તર 41 ટકાથી ઘટીને 2041માં 25 ટકા થઈ જશે.
- જ્યારે બીજી તરફ 60 વર્ષની ઉંમર ધરાવતા લોકોની સંખ્યા 2011ના 8.6 ટકાથી વધીને વર્ષ 2041 સુધીમાં 16 ટકા થઈ જશે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 19**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 52

**52. ગુજરાતના અર્થતંત્ર બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયાં વિધાનો સાચું/સાચાં છે ?**

(A) 2018-19 દરમ્યાન ઘણા ઉદ્યોગો બંધ થવાને કારણે ગુજરાતમાં ઊંચી બેરોજગારી છે.

(B) ગુજરાત રાજ્ય એ કૌશલ્ય/શિક્ષિત વર્ગમાં બેરોજગારી દર ઊંચો ધરાવે છે, પરંતુ કૃષિમાં બેરોજગારી દર નીચો છે.

(C) ભારતના બીજા રાજ્યોમાંથી ઊંચા સ્થળાંતરને કારણે ગુજરાતમાં બેરોજગારીનો દર ઊંચો છે.

**(D) ભારતના બધા રાજ્યોમાં ગુજરાત એ ઓછો બેરોજગારી દર ધરાવતા રાજ્યોમાંનું એક છે.**

કરવામાં આવી છે.

- ગુજરાતમાં ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતની આઝાદી બાદ 'બૃહદ મુંબઈ' અને 'સૌરાષ્ટ્ર' નામના બે રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશ 'કચ્છ'માંથી 1 મે, 1960ના રોજ 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' નામના બે નવા રાજ્યોની સ્થાપના થઈ હતી.
- આથી, ગુજરાત તથા મહારાષ્ટ્રમાં 1 મે ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ ઉજવાય છે.

**ગુજરાતના આર્થિક સર્વેક્ષણ 2018-19ની મુખ્ય બાબતો :-**

- ગુજરાત એ ભારત દેશનું ગ્રોથ એન્જિન તરીકે ઓળખાય છે. ગુજરાત એ દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં લગભગ 16% હિસ્સો ધરાવે છે.
- ગુજરાત દેશના કુલ ઘરગથ્થુ ઉત્પાદનમાં (Gross Domestic Production) 7.7% હિસ્સો ધરાવે છે. જે સમગ્ર ભારતના વૃદ્ધિદર કરતાં વધુ છે.
- ભારત દેશની કુલ નિકાસમાં ગુજરાત રાજ્યનો હિસ્સો 20% છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય એ સૌથી ઓછી બેરોજગારીનો દર ધરાવે છે. વર્ષ 2018 દરમિયાન થયેલ નોંધણી સામે રોજગારી પૂરી પાડવામાં ગુજરાતનો હિસ્સો 80.98% રહેલો છે.
- ગુજરાત રાજ્યમાં 'મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના' અંતર્ગત તમામ જિલ્લાઓના ગરિબી રેખા હેઠળના તથા મધ્યમ વર્ગના પરિવારોને 5 લાખ સુધીની પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય સ્તરની આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. આ યોજના હેઠળ જે વ્યકિત હોસ્પિટલમાં હોય તેને રૂ. 300 વાહનવ્યવહારનુ ભથ્થુ પણ ચૂકવવામાં આવે છે.
- ગુજરાત રાજ્યમાં 'માં અન્નપૂર્ણા યોજના' એ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–2013' અંતર્ગત કરવામાં આવેલી છે. જેમાં રાજ્યના અંત્યોદય અન્ન યોજન હેઠળના તમામ કાર્ડધારકો અને રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલ ધોરણો મુજબના અગ્રતા ધરાવતા કુટુંબોને લાભ મળે છે. અગ્રતા ધરાવતા કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા દર મહિને 5 કિલો અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 185**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 53

53. કેન્દ્રીય બજેટ 2019-20 અનુસાર નીચેના પૈકી કયું એ આગામી દાયકા માટેના મુદ્દાનું દૂરદર્શિતા (Vision) નો ભાગ નથી ?

(A) બ્લ્યુ ઈકોનોમી

(B) પાણી, પાણી વ્યવસ્થાપન, સ્વચ્છ નદીઓ

(C) ડીજીટલ ભારત એ અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં પહોંચે તે જાતનું નિર્માણ કરવું.

(D) SEBIના નિયમનકારી ક્ષેત્ર હેઠળ Electronic Fund ઉભું કરવા માટેનું મંચ તૈયાર કરવું.

=> વિઝન 2030

- શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ ભાષણમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન રજૂ થયેલા વચગાળાના બજેટમાં જાહેર કરવામાં આવેલા 'વિઝન 2030'નો ઉલ્લેખ કર્યો હતો. જે આ પ્રમાણે છે :
- આ વિઝન અંતર્ગત 2030 સુધીમાં ગરીબી, કુપોષણ, ગંદકી અને નિરક્ષરતા રહિત ભારતનું નિર્માણ કરવામાં આવશે.
- 2030નું ભારત આધુનિક, ટેક્નોલોજી યુક્ત, ઉચ્ચ વિકાસ તથા સમાન અને પારદર્શક સમાજ ધરાવતું હશે.
- આ માટે વિઝન 2030ના ભારતના 10 પરિમાણ (Dimensions) આ પ્રમાણે છે :

(1) વર્ષ 2030 સુધીમાં ભારતને 10 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા તેમજ સરળ સુખદ જીવનશૈલી માટે ભૌતિક તેમજ સામાજિક માળખાનું નિર્માણ કરવામાં આવશે.

(2) એક એવા ડિજિટલ ઈન્ડિયાનું નિર્માણ કરવામાં આવશે કે જ્યાં ભારતનો યુવાન ડિજિટલ ભારતના સર્જન માટે વ્યાપક સ્તરે સ્ટાર્ટ–અપ અને ઈકો–સિસ્ટમમાં લાખો રોજગારીનું સર્જન કરીને તેનું નેતૃત્વ કરશે.

(3) ભારતને પ્રદૂષણ મુક્ત રાષ્ટ્ર બનાવવા માટે ઈલેક્ટ્રિકલ વાહનો અને નવીકરણ ઊર્જા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

(4) આધુનિક ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેમજ ગ્રામીણ ઔદ્યોગિકરણનો વિસ્તાર કરીને મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન કરવામાં આવશે.

(5) તમામ ભારતીયો માટે સુરક્ષિત પેયજળ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ભારતની તમામ નદીઓ સ્વચ્છ હશે અને સુક્ષ્મ સિંચાઈ દ્વારા ભારતમાં સિંચાઈના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવશે.

(6) ભારતમાં દરિયા કિનારાના તથા સમુદ્રી માર્ગોના માધ્યમથી દેશના વિકાસને સશક્ત બનાવવામાં આવશે. આ માટે સાગરમાલા કાર્યક્રમના પ્રયાસોમાં ઝડપ લાવવામાં આવશે. બ્લ્યુ ઈકોનોમી

(7) સમગ્ર વિશ્વમાં આજે ભારત ઉપગ્રહો છોડવા માટેનું 'લોન્ચ પેડ' બની ગયું છે. 2022 સુધીમાં 'ગગનયાન' દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને અવકાશમાં મોકલવામાં આવશે.

(8) સૌથી વધુ જૈવિક રીતે ભારતમાં ખાદ્ય અન્નનું ઉત્પાદન કરવામાં આવશે અને ખાદ્યઅન્નની નિકાસમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં આવશે અને વિશ્વની ખાદ્ય અન્નની જરૂરિયાતો પૂરી કરવા માટે ખાદ્ય અન્નની નિકાસ કરવામાં આવશે.

(9) 2030 સુધીમાં સ્વસ્થ ભારતના નિર્માણ માટે બહેતર સ્વાસ્થ્ય સંભાળ અને વ્યાપક આરોગ્યપ્રદ પ્રથાની સાથે સાથે આયુષ્માન ભારત અને મહિલાની ભાગીદારી તેના મહત્ત્વના ઘટકો હશે.

=> 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા

- ભારતીય અર્થવ્યવસ્થાને 1 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવા માટે 55 વર્ષથી વધુ સમય લાગ્યો હતો.
- જ્યારે ફક્ત છેલ્લા પાંચ વર્ષમાં જ તેમાં લગભગ 1 ટ્રિલિયન ડોલરનો વધારો થયો છે.
- વર્ષ 2014માં ભારતની અર્થવ્યવસ્થા અંદાજે 1.85 ટ્રિલિયન ડોલર હતી.
- હાલ વર્ષ 2019માં તે વધીને 2.7 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે.
- અને નાણાકીય વર્ષ 2019-20ના અંત સુધીમાં તે વધીને 3 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી જશે.
- વર્ષ 2024 સુધીમાં તેને 5 ટ્રિલિયન ડોલર સુધી લઈ જવાનું ભારત સરકારનું લક્ષ્ય છે.
- વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં ભારત હાલ વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામતું અર્થતંત્ર છે.

=> ભારતનો GDP વૃદ્ધિ દર

- નાણાકીય વર્ષ 2014-15થી 2018-19 સુધીના છેલ્લા પાંચ વર્ષોમાંથી વર્ષ 2016-17માં ભારતનો GDP વૃદ્ધિ દર સૌથી વધુ 8.2 ટકા રહ્યો હતો.
- જે નાણાકીય વર્ષ 2018-19માં ઘટીને 6.8 ટકા થઈ ગયો હતો.
- જે છેલ્લા પાંચ વર્ષનો ભારતનો સૌથી ઓછો GDP વૃદ્ધિ દર છે.
- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા ઈકોનોમિક સર્વે અનુસાર વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.00 ટકા રહેવાની સંભાવના છે.
- જ્યારે ભારતના નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી રાજીવ કુમારે તાજેતરમાં નાણાકીય વર્ષ 2020-21થી ભારતનો GDP વૃદ્ધિ દર વધીને 8.00 ટકા થઈ જવાનો અને ત્યારબાદ તે અનેક વર્ષો સુધી જળવાઈ રહેવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

=> ભારતનો GDP વૃદ્ધિ દર

| ક્રમ | વર્ષ | GDP વૃદ્ધિ દર ટકામાં |
|---|---|---|
| 1 | 2014-15 | 7.4 |
| 2 | 2015-16 | 8.0 |
| 3 | 2016-17 | 8.2 |
| 2 | 2017-18 | 7.2 |
| 5 | 2018-19 | 6.8 |
| 6 | 2019-20 | 7.0 ઈકોનોમિક સર્વે 2019 અનુસાર સંભવિત |
| 7 | 2020-21 | 8.0 નીતિ આયોગના ઉપાધ્યક્ષ અનુસાર સંભવિત |

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 59

**59. ભારતમાં UNESCOના હેરીટેજ સ્થળો અંગે નીચેના પૈકી કયું વિધાન/કયાં વિધાનો સાચું/સાચાં છે ?**

1. વર્ષ 2019 માં જૂનું દિલ્હી ભારતનું બીજું હેરીટેજ શહેર બન્યું છે જેના પછી જયપુર આવે છે.
2. વર્ષ 2018 માં અમદાવાદ ભારતનું પ્રથમ હેરીટેજ શહેર બન્યું.
3. જયપુરનો સમાવેશ કર્યા પછી ભારતના હેરીટેજ સ્થળો કે જે UNESCOની વર્લ્ડ હેરીટેજ યાદીમાં સમાવિષ્ટ હોય તેમની સંખ્યા વધીને 38ની થઈ.

(A) માત્ર 1 અને 2　　(B) માત્ર 3　　(C) માત્ર 2 અને 3　　(D) માત્ર 1 અને 3

### ભારતની 38મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જયપુરનો સમાવેશ

- તાજેતરમાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં 'જયપુર'નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ થનાર આ ભારતની 38મી સાઈટ છે.
- અઝરબૈજાનની રાજધાની બાકુ ખાતે યોજાયેલા વર્લ્ડ હેરિટેજ સમિતિના 43મા સત્રમાં આ સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ સત્રમાં વિશ્વની કુલ 29 નવી સાઈટનો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

=> જયપુર

- ભારતના 'ધ વોલ્ડ સિટી ઓફ જયપુર'ને સાંસ્કૃતિક સ્થળ તરીકે વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- કેવલાદેવ નેશનલ પાર્ક, જંતરમંતર (જયપુર) અને હિલ ફોર્ટ્સ ઓફ રાજસ્થાન બાદ જયપુર વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામનાર રાજસ્થાનની ચોથી સાઈટ છે.
- જયપુરની સ્થાપના 1727માં આમેરના રાજા શ્રી જયસિંહ બીજાએ કરી હતી.

પસંદગી કરવામાં આવે છે.

### દિવસ મહિમા : 18 એપ્રિલ, World Heritage Day (વિશ્વ વિરાસત દિવસ)

- માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 18 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.
- ઈ.સ. 1982માં ICOMOS નામની સંસ્થાએ ટ્યુનિશિયામાં 18 એપ્રિલને 'World Heritage Day' અથવા તો 'International Day for Monuments and Sites' તરીકે ઉજવવાની શરૂઆત કરી હતી.
- ત્યારબાદ યોજાયેલી UNESCOની 22મી સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારથી 18 એપ્રિલ 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2019ના 'World Heritage Day'ની થીમ 'Rural Landscapes' છે.

### ગુરુ પદ્મસંભવા

- હિમાલયના સંત ગુરુ પદ્મસંભવા માટેનું આઠમું આંતરરાષ્ટ્રીય સંમેલન

### જલિયાંવાલા બાગ હત્યાકાંડની 100મી વર્ષગાંઠ

- એપ્રિલ, 2019ના રોજ જલિયાંવાલા બાગ હત્યાકાંડની 100મી વર્ષગાંઠ નિમિત્તે પંજાબમાં અમૃતસરના જલિયાંવાલા બાગ સ્મારકમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ જલિયાંવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.
- આ ઉપરાંત શ્રી એમ. વેંકૈયા નાયડુએ આ પ્રસંગે 100 રૂપિયાના સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટનું પણ અનાવરણ કર્યું હતું.

### શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરનો શિલાન્યાસ

- તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસીમાં શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરનો શિલાન્યાસ કર્યો છે.
- આ 50 ફૂટના કોરિડોર દ્વારા ગંગા નદીના મણિકર્ણિકા અને લલિતા ઘાટને શ્રી કાશી વિશ્વનાથ મંદિર સાથે જોડવામાં આવશે.
- આ ઉપરાંત શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો જીર્ણોદ્ધાર પણ થશે.
- આ અગાઉ 1780માં મરાઠા રાણી અહિલ્યાબાઈ હોલ્કરે આ મંદિર તથા તેની આસપાસના વિસ્તારનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

=> નોંધ :- ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આવેલા આ પ્રસિદ્ધ શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો સમાવેશ ભારતના પ્રસિદ્ધ 12 જ્યોતિર્લિંગમાં થાય છે.

(2) વર્લ્ડ હેરિટેજ સાઈટની સંખ્યાની બાબતમાં સમગ્ર વિશ્વમાં ભારત છઠ્ઠા નંબરે છે. જ્યારે એશિયા–પેસિફિક રિજીયનમાં ચીન બાદ ભારત બીજા ક્રમે છે.

(3) યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામનાર ભારતની પ્રથમ સાઈટ અજંતાની ગુફાઓ (મહારાષ્ટ્ર, 1983) છે.

(4) ભારતના વિવિધ રાજ્યોમાં સૌથી વધુ મહારાષ્ટ્રની 5 સાઈટનો અને ત્યારબાદ બીજા ક્રમે રાજસ્થાન અને તમિલનાડુની 4-4 સાઈટનો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**ભારતની 38 વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામેલી ગુજરાતની ત્રણ સાઈટો**

| ક્રમ | સાઈટ | ક્યારે સમાવેશ | કયા ક્રમે સમાવેશ | સ્થળ |
|---|---|---|---|---|
| 1 | ચાંપાનેર–પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક | 2004 | 26મા | જિલ્લો પંચમહાલ |
| 2 | રાણકી વાવ | 2014 | 31મા | પાટણ |
| 3 | ઐતિહાસિક શહેર અમદાવાદ | 2017 | 36મા | અમદાવાદ |

=> યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિ

- યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિમાં વર્તમાન સમયે કુલ 21 સભ્યો છે.
- અને આ સભ્યોની મુદત 6 વર્ષની હોય છે.

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 61

61. **નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

1. વર્ષ 2019માં ઈલેક્ટ્રીક વાહનો પરનો GST 12% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો.
2. ઈલેક્ટ્રીક વાહન ચાર્જર ઉપરનો GST 12% થી ઘટાડીને 5% થયો.
3. આ ચીજો પરનો GST ઘટાડીને 0% કરવામાં આવ્યો. : સેનેટરી નેપકીન, સાવરણી માટેનો કાચો માલ, રાખડી, આરસના દેવતાઓ

(A) માત્ર 1 અને 2     **(B) 1, 2 અને 3**

(C) માત્ર 2 અને 3     (D) માત્ર 1 અને 3

- [illegible]
- બજેટ ભાષણમાં શ્રીમતી નિર્મલા સીતારામને જણાવ્યા અનુસાર ઉડ્ડયન ક્ષેત્રે ભારત હવે Aircraft Financing VG| leasing Activities જેવી ગતિવિધિઓમાં પ્રવેશ કરશે.
- આવી પ્રવૃત્તિઓ માટે ભારતને એક Hub બનાવવા માટે સરકાર દ્વારા એક રોડમેપ તૈયાર કરવામાં આવશે.

=> **મેટ્રો**

- ભારતમાં હાલ કાર્યરત મેટ્રો રેલ નેટવર્કની કુલ લંબાઈ 657 કિમી છે.
- ભારતમાં વર્ષ 2018-19માં કુલ 300 કિમી લંબાઈની નવી મેટ્રો રેલ યોજનાઓને મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2019 દરમિયાન લગભગ 210 કિમી લંબાઈની મેટ્રો લાઈનો પર મેટ્રો રેલ શરૂ થઈ ગઈ છે.

=> **રેલવે**

- વર્ષ 2018થી 2030 સુધીમાં ભારતમાં રેલવેના મૂળભૂત માળખામાં સુધારો કરવા માટે રૂ. 50 લાખ કરોડના રોકાણની આવશ્યકતા છે.
- આ માટે ભારતમાં દર વર્ષે રૂ. 1.5થી 1.6 લાખ કરોડ ખર્ચ કરવાની જરૂર રહેશે.

=> **ઈલેક્ટ્રીક વાહનો**

- ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે FAME-II યોજના લોન્ચ કરવામાં આવી છે.
- ફેમ યોજનાના આ બીજા ચરણમાં 1 એપ્રિલ, 2019થી 31 માર્ચ 2022 સુધીના ત્રણ વર્ષ માટે સરકારે રૂ. 10,000 કરોડની જોગવાઈ કરી છે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપવાનો અને ઈલેક્ટ્રીક વાહનો માટે જરૂરી ચાર્જિંગ સુવિધા વિકસાવવાનો છે.
- ફેમ યોજના અંતર્ગત ફક્ત અતિઆધુનિક બેટરી ધરાવતા અને નોંધાયેલા ઈ-વાહનોને જ પ્રોત્સાહન આપવામાં આવશે.
- ઈલેક્ટ્રીક વાહનોના નિર્માણ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવામાં આવશે.
- આ માટે ઈલેક્ટ્રીક વાહનો પરનો GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.
- ઈ-વાહનોના કેટલાક સ્પેર પાર્ટ પર કસ્ટમ ડ્યૂટીમાં છૂટ આપવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતમાં ઈલેક્ટ્રીક વાહનની ખરીદી પર લોનના વ્યાજ પર ટેક્સમાં 1.5 લાખ રૂપિયાની માફી આપવા બજેટમાં જોગવાઈ છે.

સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 23



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 63

63. શૂન્ય બજેટ કુદરતી ખેતી (Zero Budegt Natural Farming)(ZBNF) વિશે કયું વિધાન/કયાં વિધાનો સાચું/સાચાં છે ?

1. શાકભાજીના પાક (Leguminous crops) સાથે આંતરપાક એ ZBNF ના ઘટકોમાંનો એક છે.
2. ZBNFમાં વપરાતા ગોબર, મૂત્ર આધારિત રચનાઓ (formulations) અને વાનસ્પતિક અર્ક એ ખેડૂતોને ઈનપુટ ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થાય છે.
3. આ યોજના માત્ર નાના જમીનધારકોને જ લાગુ પડે છે.
4. ભારતના બધા રાજ્યોમાં ગુજરાત એ ઓછો બેરોજગારી દર ધરાવતા રાજ્યોમાંનું એક છે.

**(A) 1, 2, 3 અને 4** (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 3 અને 4 (D) માત્ર 4

- ભારતના Higher Education Commission of India (HECI) ની સ્થાપના માટે મુસદ્દો ઘડવા પ્રસ્તાવ.
- સ્ટાર્ટ અપ્સ માટે દિલ્હી દૂરદર્શનની ચેનલો પર તેમના દ્વારા જ વિશેષ ટી.વી. કાર્યક્રમ શરૂ કરવાનો પ્રસ્તાવ.

=> **ગ્રામીણ ભારત**
- વર્ષ 2022 સુધીમાં ભારતના તમામ ગ્રામીણ પરિવારોને વીજળી અને LPG ગેસ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ ઉપરાંત 'પ્રધાનમંત્રી આવાસ યોજના' અંતર્ગત વર્ષ 2022 સુધીમાં 'સૌને ઘરનું ઘર' ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય.

=> **પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ**
- પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણના બીજા ચરણમાં 2019-20 થી 2021-22 દરમિયાન ભારતમાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વીજળી, ટોયલેટ અને LPG કનેક્શન સાથેના 1.95 કરોડ મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષોમાં 1.54 કરોડ ગ્રામીણ ઘરોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

=> **Farmer Producer Organizations**
- ખેડૂતોની બહેતર આર્થિક સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે 10,000 નવા Farmer Producer Organizations (FPO) (ખેડૂત ઉત્પાદન સંઘ) બનાવવામાં આવશે.
- **Zero Budget Farming**
- બજેટમાં ખેડૂતો માટે 'ઝીરો બજેટ ફાર્મિંગ' પર ભાર મૂકીને પરંપરાગત બુનિયાદી પદ્ધતિથી ખેતી કરવા માટે હિમાયત કરવામાં આવી છે.
- 'ઝીરો બજેટ ફાર્મિંગ' એ કુદરતી ખેતીનું ખર્ચા વગરનું એક સ્વરૂપ છે.
- તેમાં રાસાયણિક ખાતર જેવા બાહ્ય ખર્ચાળ પદાર્થો વિના જ ખેતી કરવામાં આવે છે.
- આ ઉપરાંત બજેટમાં હરિત ઊર્જા ઉત્પાદન દ્વારા ખેડૂતોને અન્નદાતામાં થી ઊર્જાદાતા બનાવવાની બજેટમાં વાત કરવામાં આવી છે.

=> નોંધ : નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ ભાષણમાં 'સરકારની તમામ યોજનાઓના કેન્દ્રમાં ગામડું, ગરીબો અને ખેડૂતો હોવાનું' જણાવ્યું હતું.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 25**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.64

**64. આ વર્ષના પ્રારંભમાં પ્રકાશિત કરાયેલા The World Happiness Report 2019 બાબતે નીચેના પૈકી કયું વિધાન/ કયાં વિધાનો સાચું /સાચાં છે ?**

1. સામાજીક સમર્થન, વિશ્વાસ, આવક એ સુખને અસરકરતાં કેટલાંક પરિબળો છે.
2. વર્લ્ડ હેપ્પીનેસ સૂચકાંકમાં ભારત 140 મા ક્રમે આવે છે.
3. ફિનલેન્ડ એ સતત બીજા વર્ષે સૌથી વધુ સુખી દેશ તરીકે આવ્યો છે.

(A) 1,2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 (D) માત્ર 1 અને 3

### World Happiness Report 2019

- યુનાઈટેડ નેશન્સના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) દ્વારા તાજેતરમાં વર્ષ 2019નો વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં કુલ 156 દેશોની યાદીમાં ભારત 140મા ક્રમે છે. જેમાં ભારતનો સ્કોર 4.015 છે.
- આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારતનો ક્રમ 133 અને એ અગાઉ 2017માં ભારતનો ક્રમ 122મો હતો.
- આમ, વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં ભારત છેલ્લા કેટલાક વર્ષોથી પાછળ ધકેલાઈ રહ્યું છે.
- તાજેતરમાં વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર પાકિસ્તાન, ચીન, ભૂટાન, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, મ્યાનમાર જેવા (અફઘાનિસ્તાન સિવાયના) ભારતના પાડોશી દેશો ભારત કરતા વધારે ખુશ છે. આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં ફિનલેન્ડના લોકો સૌથી વધુ ખુશ છે.
- ફિનલેન્ડ બાદ ક્રમશઃ ડેન્માર્ક, નોર્વે, આઈસલેન્ડ અને નેધરલેન્ડ આ રિપોર્ટમાં ટોચના પાંચ સ્થાને છે.
- જ્યારે સાઉથ સુદાન આ રિપોર્ટમાં અંતિમ 156મા સ્થાને છે.

=> નોંધ :

(1) આ રિપોર્ટ તૈયાર કરવા માટે માથાદીઠ આવક, સુશાસન, ભ્રષ્ટાચાર, દેશનો સોશિયલ સપોર્ટ, સ્વસ્થ રહેવાની આશા, નિર્ણયો લેવાની આઝાદી, દેશના નાગરિકોનું સરેરાશ આયુષ્ય વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(2) વિશ્વમાં હેપ્પીનેસ માપવાનો ખ્યાલ સૌપ્રથમ ભૂટાન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ભૂટાનના પ્રસ્તાવથી યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2012થી આ રિપોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

(3) વર્ષ 2012ના પ્રથમ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં ભારત 111મા ક્રમે હતો.

- વર્ષ 2019ના આ રિપોર્ટમાં નોર્વે પ્રથમ ક્રમે છે.
- જ્યારે નોર્વે બાદ ફિનલેન્ડ બીજા અને સ્વીડન ત્રીજા ક્રમે છે.
- આ રિપોર્ટમાં ચીન 177મા અને ઉત્તર કોરિયા 179મા ક્રમે છે.
- તુર્કમેનિસ્તાન અંતિમ 180મા ક્રમે છે.

### ARIIA Rankings 2019

- તાજેતરમાં ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ATAL Rankings of institutions on innovation Achievements (ARIIA) 2019ની જાહેરાત કરવામાં આવી છે.
- ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે નવી દિલ્હી ખાતે આ રેન્કીંગની જાહેરાત કરી હતી અને વિજેતાઓને એવોર્ડ એનાયત કર્યા હતા.
- આ રેન્કિંગમાં ભારતની જાહેર ક્ષેત્રની પ્રથમ 10 શિક્ષણ સંસ્થાઓમાં IIT મદ્રાસ પ્રથમ ક્રમે છે.
- જ્યારે ભારતની ખાનગી ક્ષેત્રની પ્રથમ 5 શિક્ષણ સંસ્થાઓમાં વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી પ્રથમ ક્રમે છે.

=> નોંધ :

(1) ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ઈનોવેશન સિદ્ધિઓને બિરદાવવા માટે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.

(2) ભારતમાં 'ઈનોવેશન'ને પ્રોત્સાહન આપવા માટે ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં "ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ"ને ધ્યાનમાં રાખીને આ અટલ રેન્કિંગ આપવામાં આવે છે.

### વિદેશમાંથી સ્વદેશ નાણાં મોકલવામાં ભારતીયો મોખરે

સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 114

ICE CURRENT NEWS
YouTube
ICE RAJKOT
ICE CURRENT NEWS વીડિયો જોવા માટે અહી CLICK કરો

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 65

**65. નીચેના પૈકી કયો કર એ 2018-19ના નાણાંકીય વર્ષમાં ગુજરાતમાં રાજ્યકર આવકમાં બીજા ક્રમનો સૌથી મોટો ઘટક હતો ?**

(A) વાહનવેરો | (B) વેચાણ વેરો અને VAT

(C) રાજ્ય GST | (D) નોંધણી (Registration) ફી



**રાજ્ય GST અંતર્ગત આવક**

- વર્ષ 2018-19 દરમિયાન ગુજરાત રાજ્યમાં GST અંતર્ગત ટેક્સની આવક રૂા. 42,750 કરોડ રહેવાનો અંદાજ છે. જે રાજ્યની કુલ આવકના 23.40 ટકા જેટલો હિસ્સો ધરાવે છે.
- જોકે વર્ષ 2018-19 દરમિયાન ગુજરાત સરકારને સૌથી વધુ આવક રાજ્ય GST સિવાયના રાજ્ય સરકારના ટેક્ષની આવક દ્વારા થશે. તેનો હિસ્સો રાજ્યની કુલ આવકના 25.16% છે.
- આમ, વર્ષ 2018-19 દરમિયાન ગુજરાત સરકારને સૌથી વધુ આવક રાજ્ય GST સિવાયના રાજ્ય સરકારના ટેક્સ દ્વારા થશે અને ત્યાર બાદ બીજા નંબરે રાજ્ય GST દ્વારા થશે.

**સંદર્ભ :- Crack GPSC 2018 (ICE Publication), PAGE NO - 154**




## GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 66

66. ભારતમાં આદિજાતિઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે નો ખ્યાલ દાખલ કરવામાં આવ્યો. આ યોજના વિશે નીચેના પૈકી કયું વિધાન/કયાં વિધાનો સાચું/સાચાં છે ?

1. EMRSની સ્થાપના એ ST વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર મધ્યમ અને ઉચ્ચ સ્તરીય શિક્ષણ પૂરું પાડવા માટે થઈ છે.
2. EMRSની સ્થાપના એ રાજ્યો/સંઘ પ્રદેશો તરફથી પ્રાપ્ત દરખાસ્તોના આધારે માંગ સંચાલિત છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3 (D) માત્ર 3

### 462 એકલવ્ય આદર્શ વિદ્યાલય લોન્ચ

12 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડના રાંચી ખાતેથી 462 એકલવ્ય આદર્શ આવાસીય વિદ્યાલય (Eklavya Model Residential School)નો ઈ-શિલાન્યાસ કરાવ્યો છે.

- સમગ્ર દેશમાં આદિવાસી બહુમતી ધરાવતા વિસ્તારોમાં આ સ્કૂલો ખોલવામાં આવશે.
- જેમાં ઝારખંડના 13 જિલ્લાઓમાં આવી 69 સ્કૂલો શરૂ કરવામાં આવશે.
- જેમાં ધોરણ 6થી 12 સુધી અભ્યાસ કરી શકાશે.
- આ સ્કૂલમાં બાળક દીઠ વાર્ષિક રૂ. 1 લાખનો ખર્ચ કરવામાં આવશે.

**સંદર્ભ :- ICE MAGIC, WEEK 37 (2019), PAGE NO - 39**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 70

**70. નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (NIIF) વિશે નીચેના પૈકી કયું વિધાન/કયાં વિધાનો સાચું/સાચાં છે ?**

1. NIIFએ રોકાણકારની માલિકીનું ફંડ મેનેજર છે. અગ્રણી વૈશ્વિક અને સ્થાનિક સંસ્થાગત રોકાણકારોના સહયોગથી ભારત સરકાર દ્વારા તેની આગેવાની (anchored) લેવાય છે.
2. તે સીક્યોરીટી અને એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા સાથે કેટેગરી II વૈકલ્પિક રોકાણ ફંડ તરીકે નોંધણી થયેલ છે.
3. એ ભારતનું પ્રથમ સાર્વભૌમ સંપત્તિ ફંડ (sovereign wealth fund) છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

### National Investment & Infrastructure Fund (NIIF)

- NIIF સાથે યુરોપીય કંપની રેડિસ એ બે અબજ ડોલરનું એક પ્લેટફોર્મ બનાવવાનું નક્કી કર્યું છે.
- આ પ્લેટફોર્મ દ્વારા રાજમાર્ગ પરિયોજનામાં રોકાણ કરવામાં આવશે.
- રાજમાર્ગ પરિયોજના દ્વારા સંપૂર્ણ ભારતમાં રસ્તાઓ બનાવામાં આવશે.

=> **NIIF વિશે**

- કેન્દ્ર સરકાર દ્વારા 2015માં ગ્રીન ફિલ્ડ, બ્રાઉન ફિલ્ડ અને સ્થગિત પડેલી પરિયોજનામાં નિવેશ કરવા માટે 40,000 કરોડનું NIIF બનાવ્યું હતું.
- આ ફંડમાં 49% ભારત સરકાર દ્વારા જ્યારે 51% થર્ડ પાર્ટી રોકાણકારો દ્વારા રોકવામાં આવશે.
- NIIF એ SEBI (Securities and Exchange Board of India) સાથે AIF ના રૂપમાં રજીસ્ટર્ડ છે. (AIF-Alternative Investment Fund)

- NIIF ની અંદર ત્રણ અલગ-અલગ રોકાણ કોષ છે

(1) માસ્ટર ફંડ :– આ ફંડ દ્વારા આંતરમાળખાકીય ક્ષેત્રો જેવા કે માર્ગ, એરપોર્ટ, પોર્ટ, વગેરે ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવે છે.

આવશે.

- 10 લાખ થી વધુ વસતી ધરાવતા શહેરો, સ્માર્ટ શહેર, ગામડામાં 3km ના અંતરાલમાં 2700 ચાર્જીંગ સ્ટેશન લગાવવામાં આવશે.
- બે મોટા શહેરોને જોડતા રાજમાર્ગ ઉપર ચાર્જીંગ સ્ટેશન બનાવવામાં આવશે.

### NBFC માટે લોકપાલ યોજના

- RBI એ લોકપાલ યોજનાનો વિસ્તાર નોન–ડિપોઝિટ ટેકિંગ NBFC સુધી વધાર્યો છે. અગાઉ આ યોજના ડિપોઝિટ ટેકિંગ NBFC માં જ લાગુ હતી.

=> **NBFC લોકપાલ વિશે :-**

- RBI ના એવા અધિકારી જે ચીફ જનરલ મેનેજર કે જનરલ મેનેજર પદ પર હોય, તે NBFC લોકપાલના રૂપમાં નિયુક્ત થઈ શકે છે.
- તેનો કાર્યકાળ 3 વર્ષનો હોય છે. પરંતુ આ કાર્યકાળમાં ઘટાડો થઈ શકે છે અને તેની પુનઃનિયુક્તિ પણ થઈ શકે છે.
- NBFC લોકપાલ ગ્રાહકોની ફરીયાદ સાંભળશે અને તેનું સમાધાન પણ આપશે.
- આ એક અર્ધ–ન્યાયિક, સ્વાયત્ત અને સ્વતંત્ર સંસ્થા છે.

42 ........ વર્તમાન પ્રવાહો માટે દર સોમવારે પ્રસિદ્ધ થતું ફ્રી ઓનલાઈન મેગેઝિન ICE MAGIC

GPSC CURRENT AFFAIRS ICE - Institute for Competitive Exam

- આવી શાખામાં RBI બેંક નોટ આપે છે અને અહિંથી અન્ય બેંકોને નોટોનું વિતરણ કરવામાં આવે છે.
- RBI પાસે 3975 કરંસી ચેસ્ટ માટે જ્યારે 3654 સિક્કાઓ માટેની કરંસી ચેસ્ટ છે.

### Ways and Means Advances(WMA) ની સીમા 75000 કરોડ નક્કી કરી

(2) **Fund of Fund :-** આ ફંડ એવા અન્ય ફંડમાં પણ રોકારણ કરે છે કે જે ફંડ આંતરમાળખા સાથે જોડાયેલ હોય.

(3) આ ફંડ SEBI માં વૈકલ્પિક નિવેશ ફંડના રૂપમાં નોંધાયેલ હોય છે.

- **નોંધ** :- આ ફંડમાં ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બંને જગ્યાએથી રોકાણને આકર્ષિત કરવામાં આવે છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 42**

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.81

81. આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) વિશે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) સૂચિબદ્ધ ગૌણ (secondary) અને તૃતીય સ્તર (tertiary) ની સંભાળની (care) સ્થિતિમાં PMJAY એ પાત્રતા ધરાવતા કુટુંબોને વર્ષના રૂા.5,00,000 સુધીનું કેશલેસ રક્ષણ પૂરું પાડે છે.

(B) કુટુંબનું કદ અને સભ્યોની ઉંમર માટે એક મર્યાદા હોય છે.

(C) પહેલા જ દિવસથી તમામ પૂર્વ હયાત (Pre-existing) રોગોનો સમાવેશ કરી લેવામાં આવે છે.

(D) 223 વિશિષ્ટ (Specialities) સારવારનો સમાવેશ કરી લેતા કુલ 1393 ગૌણ (secondary) અને તૃતૂય સ્તરના (tertiary) સારવાર પૂરા પાડવામાં આવે છે.

### આયુષ્માન ભારત-રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા મિશન

(Ayushman Bharat : National Health Protection Mission – ટૂંકમાં AB-NHPM)

- આ યોજના મુખ્ય બે ભાગોમાં વહેંચાયેલી છે :(1) આ યોજના અંતર્ગત વર્ષ 2022 સુધીમાં સમગ્ર દેશમાં 1.5 લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલવામાં આવશે. જેમાંના પ્રથમ વેલનેસ સેન્ટરનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છત્તીસગઢના બીજાપુરમાં પ્રારંભ કરાવ્યો છે.(2) આ યોજના અંતર્ગત ભારતના 10 કરોડથી વધુ (આશરે 10 કરોડ 74 લાખ) ગરીબ પરિવારોને પ્રતિવર્ષ રૂા. પાંચ લાખ સુધીની સ્વાસ્થ્ય વીમા સુરક્ષા આપવામાં આવશે.આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારની બે વર્તમાન યોજનાઓ : (1) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અને(2) વરિષ્ઠ નાગરિક સ્વાસ્થ્ય વીમા યોજના (Senior Citizen Health Insurance Scheme - SCHIS)નો સમાવેશ કરવામાં આવશે.

### આ યોજનાની મુખ્ય વિશેષતાઓ

તમામ લક્ષિત લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળે એ માટે આ યોજના ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ કરવામાં આવશે. લાભાર્થી પરિવારને પ્રતિવર્ષ રૂા. પાંચ લાખનું વીમા કવચ. વધુમાં વધુ લોકોને આ યોજનાનો લાભ મળે તે માટે લાભાર્થી પરિવારના તમામ ઉંમરના તમામ સભ્યોને આ યોજનાનો લાભ મળશે. (આ માટે કોઈ વય મર્યાદા કે પરિવારના સભ્યોની સંખ્યા નિયત કરવામાં આવી નથી.) લાભ કવરમાં હોસ્પિટલમાં દાખલ થયા પહેલાના અને દાખલ થયા બાદના એમ બંને ખર્ચનો સમાવેશ કરવામાં આવશે.વીમા પોલિસીના પ્રથમ દિવસથી જ આ યોજનાનો લાભ. લાભાર્થી જેટલી વખત હોસ્પિટલમાં દાખલ થાય તેટલી વખતનો હોસ્પિટલમાં દાખલ થવાનો પરિવહન ખર્ચ પણ લાભાર્થીને આપવામાં આવશે. યાદીમાં સમાવેશ પામેલી તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આ યોજનાનો લાભ મળશે.

**સંદર્ભ :- Crack GPSC 2018 (ICE Publication), PAGE NO - 30**

Instagram
ICE RAJKOT

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 87

**87. આર્થિક સર્વેક્ષણ 2018-19 ના સંદર્ભમાં નીચે પૈકી કયા વિધાનો સાચાં છે ?**

1. આર્થિક સર્વેક્ષણ 2018-19 જમીનની ઉત્પાદકતાને બદલે સિંચાઈના પાણીની ઉત્પાદકતા તરફ ધ્યાન આપવાનું સૂચવે છે.
2. લગભગ 89% ભૂગર્ભ જળનો ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવે છે.
3. ડાંગર અને શેરડી જેવા પાક 60% જેટલુ સિંચાઈનું પાણી વાપરી નાંખે છે.
4. ખાતરનો વપરાશ કે જે 2002 સુધી સ્થિર હતો તેમાં 2011 પછી સતત વધારો નોંધાયો છે.

(A) માત્ર 1 અને 2     (B) 2 અને 3

**(C) માત્ર 1, 2 અને 3**     (D) 1, 2, 3 અને 4



- રેગ્યુલેટરી સેન્ડબોક્સ એ એક માળખાગત સુવિધા છે. જેના દ્વારા ફિનટેક સંચાલકો (કે ગ્રાહકો) જરૂરી મંજૂરી મળ્યાં પહેલાં પણ તેમની પ્રોડક્ટ કે ઉકેલોનું જીવંત પરીક્ષણ કરી શકે છે. આ દ્વારા પણ નવી કંપનીઓના સમય અને ખર્ચમાં બચાવ થશે.
- આ અંતર્ગત નવા ઉકેલોનું બજારમાં પરિક્ષણ કરી તેના જોખમો કે ફાયદાઓના પૂરાવાઓ મળી શકે છે.

**Economic Survey 2018-19**

- તાજેતરમાં 5 જુલાઈ 2019ના રોજ ભારત સરકારનું વર્ષ 2019-

=> **ખેતી-સિંચાઈ**

- ભારતની પ્રાથમિકતા હવે જમીનની ઉત્પાદકતાથી સિંચાઈના પાણીની ઉત્પાદકતા તરફ હોવી જોઈએ.
- ખેડૂતોને આ માટે સંવેદનશીલ બનાવીને ભારતમાં પાણીના ઉપયોગમાં સુધારણા એ હવે રાષ્ટ્રીય પ્રાથમિકતા હોવી જોઈએ.
- એશિયાઈ વોટર ડેવલપમેન્ટ આઉટલૂક 2016 અનુસાર ભારતમાં સિંચાઈ માટે લગભગ 89 ટકા ઉપયોગ ભૂજળનો થાય છે.
- પરિણામે, ભારતમાં ભૂજળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે, જે ચિંતાનો વિષય છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 18**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.95

**95. PM શ્રમ-યોગી માનધન યોજના બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયાં વિધાનો સાચું/સાચાં છે ?**

1. કામદારો કે જેમની માસિક આવક રૂા. 15,000 કે તેથી ઓછી હોય તે આ યોજના અંતર્ગત લાભાર્થી બનવા માટે યોગ્યતા ધરાવે છે.
2. સંગઠીત અને અસંગઠીત ક્ષેત્રના કામદારોને સમાવિષ્ટ કરે છે.
3. તે શ્રમ અને રોજગાર મંત્રાલયનો ઉપક્રમ છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

### પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધન (PM-SYM) યોજના

- 5 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં અમદાવાદના વસ્ત્રાલ ખાતેથી પ્રધાનમંત્રી શ્રમ યોગી માન–ધન (PM-SYM) યોજનાનો દેશવ્યાપી શુભારંભ કરાવ્યો છે.
- આ પ્રસંગે તેમણે લાભાર્થીઓને PM-SYM પેન્શન કાર્ડનું વિતરણ પણ કર્યું હતું.

=> **PM-SYM યોજના શું છે ?**

- ભારતમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો અને કારીગરો માટેની આ એક બૃહદ પેન્શન યોજના છે.
- વર્ષ 2019-20ના કેન્દ્ર સરકારના બજેટમાં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

=> **આ યોજનાનો ઉદ્દેશ શું છે ?**

- પ્રધાનમંત્રી શ્રમ યોગી માન–ધન યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો અને કારીગરોને વૃદ્ધાવસ્થા દરમિયાન સામાજિક સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ યોજના અંતર્ગત ભારતમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા ઓછામાં ઓછા આશરે 10 કરોડ જેટલા શ્રમિકો અને કારીગરોને આ યોજનાનો લાભ અપાવવાની સરકારની યોજના છે.
- આથી, આ યોજના વિશ્વની સૌથી મોટી પેન્શન યોજનાઓમાંની એક બની જશે.

કરાવશે.

=> **આ યોજનાનો લાભ કોને મળશે ?**

- ભારતમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમ યોગીઓ જેવા કે – રીક્ષાચાલકો, બાંધકામ શ્રમયોગીઓ, ફેરિયાઓ, આંગણવાડી – મધ્યાહન ભોજન – આશા શ્રમયોગીઓ, મનરેગાના લાભાર્થીઓ, શાકવાળાઓ, હાથલારી શ્રમયોગી, હસ્તકલાના કારીગરો, કચરો વીણનાર, મોચી, દરજી, ખેત શ્રમયોગીઓ, સીમાંત ખેડૂતો – વગેરેને આ યોજનાનો લાભ મળશે.

=> **આ યોજનાનો લાભ લેવા માટેની શરતો**

- પ્રધાનમંત્રી શ્રમયોગી માન–ધન યોજનાનો લાભ લેવા માટેની શરતો આ પ્રમાણે છે :

(1) ફક્ત અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને જ આ યોજનાનો લાભ મળશે.
(2) લાભાર્થીની ઉંમર 40 વર્ષથી વધારે ન હોવી જોઈએ. 18થી 40 વર્ષ સુધીની ઉંમર ધરાવતા લાભાર્થીને જ આ યોજનાનો લાભ મળશે.
(3) લાભાર્થીની માસિક આવક રૂ. 15,000થી વધુ ન હોવી જોઈએ.
(4) લાભાર્થીને New Pension Scheme (NPS), Employees' state Insurance corporation (ESIC) Scheme, Employees' Provident Fund Oraganisation (EPFO) જેવી અન્ય પેન્શન યોજનાનો લાભ મળતો ન હોવો જોઈએ.
(5) લાભાર્થી Income tax payer ન હોવો જોઈએ.
(6) લાભાર્થી પાસે સેવિંગ અથવા તો જનધન અકાઉન્ટ અને આધાર કાર્ડ હોવું જરૂરી છે.

તે સાથે પાછી આપવામાં આવશે.

=> **નોંધ :**

(1) જો કોઈ લાભાર્થી નિયમિત રીતે રકમ ચૂકવી શક્યો ન હોય તો નિયત દંડ સાથે બાકીની રકમ ચૂકવીને આ યોજના ફરીથી ચાલુ રાખી શકશે.
(2) આ યોજના માટે ફંડ મેનેજર : L.I.C ઓફ ઇન્ડિયા છે.
(3) આ યોજનાનો લાભ લેવા માટે કોમન સર્વિસ સેન્ટર (CSC) (જન સેવા કેન્દ્ર) પર જ નોંધણી કરવામાં આવશે. નોંધણી માટે આધાર કાર્ડ, સેવિંગ–જનધન બેંક ખાતુ અને તેની પાસબુક તથા મોબાઈલ જરૂરી છે.
(4) આ યોજનામાં લાભાર્થીએ પ્રથમ વખત નાણાં કેશથી ચૂકવવાના રહેશે ત્યારબાદ દર મહિને ફરજિયાત ઓટોડેબિટ દ્વારા બેંક ખાતામાંથી પૈસા ચૂકવવાના રહેશે.
(5) ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા 15 ફેબ્રુઆરી, 2019ના રોજ આ યોજના અમલમાં મુકવામાં આવી હતી. જેનો તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના વસ્ત્રાલ ખાતેથી વિધિવત શુભારંભ કર્યો છે.

- નોંધ : PM-KISANનું પૂરું નામ 'Pradhan Mantri KIsan SAmman Nidhi' છે.

### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)ના ત્રીજા તબક્કાને મંજૂરી

- ભારતમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા તાજેતરમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાને મંજૂરી આપવામાં આવી છે.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કામાં આગામી પાંચ વર્ષ દરમિયાન રૂ. 80,250 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- તેનો સમયગાળો 2019-20થી 2024-25 સુધીનો રહેશે.
- આ યોજના અંતર્ગત કેન્દ્ર રાજ્ય વચ્ચે ખર્ચનો હિસ્સો 60 : 40 રહેશે.
- જ્યારે ઉત્તરપૂર્વના રાજ્યો તથા ત્રણ હિમાલયી રાજ્યો (જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) માટે આ પ્રમાણ 90:10 રહેશે.

=> **નોંધ :**

(1) ભારતમાં આ યોજના 25 ડિસેમ્બર, 2000ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 97

**97. Logistics Performance Index (LPI) 2018ના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન અસત્ય છે?**

(A) ભારતનો LPI રેન્કીંગ એ 2016માં 35મા ક્રમે ઘટીને 2018માં 44મા ક્રમે થયેલ છે.

(B) LPI 2018 હેઠળ જર્મનીને પ્રથમ આપવામાં આવ્યો છે અને સ્વીડન બીજા ક્રમે આવેલ છે.

(C) તે વર્લ્ડ બેંક દ્વારા 160 દેશોની લોજીસ્ટીક ક્ષેત્રની કામગીરીની સરખામણી કરીને દ્વિ વાર્ષિક રજૂ કરવામાં આવે છે.

**(D) આ સૂચકાંક (Index) એ 1 થી 10 સુધીના હોય છે. જેમાં ઊંચો સ્કોર એ વધુ સારી કામગીરી દર્શાવે છે.**

| | | | |
|---|---|---|---|
| | | | (5) વિરાસત મેળવવું<br>(6) નાના રોકાણકારોની સલામતી<br>(7) કર ભરવો.<br>(8) આંતરરાષ્ટ્રીય વેપાર<br>(9) કરારોનું પાલન<br>(10) નાદારીનું સમાધાન |
| 02 | વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ<br>(World Development Report) | વર્લ્ડ બેંકની IBRD<br>(International Bank for Reconstruction and Development) | → આ રિપોર્ટ વર્ષ 1978 થી દર વર્ષે પ્રકાશિત થાય છે.<br>→ વર્ષ 2019 ના રિપોર્ટની ટેગલાઈન 'The Changing nature of work' છે. |
| 03 | લોજિસ્ટિકસ પર્ફોમન્સ ઈન્ડેક્સ<br>(Logistics Performance Index) | વર્લ્ડ બેંક | → આ સૂચકાંક દર 2 વર્ષે જાહેર થાય છે.વર્ષ 2019માં આ સૂચકાંક ની નવીનત્તમ આવૃતિ જાહેર થયેલી છે.<br>→ આ સૂચકાંકમાં જર્મની પ્રથમ ક્રમાંકે તથા ભારતનો ક્રમ 44મો આવેલો છે. |

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 136**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.98

98. "Kisan Urja Suraksha Evem Utthaan Mahabhiyan"યોજના વિશે નીચેના પૈકી કયું વિધાન/કયાં વિધાનો સાચું/સાચાં છે ?

1. આ યોજના એ ખેડૂતોને બાયોગેસ વિદ્યુત પ્લાન્ટ (Biogas Electricity Plants) વેચવા વિશેના આયોજન બાબતની છે.
2. આ યોજના એ ખેડૂતોને વધારાની આવક પ્રાપ્ત કરવા અને તેઓને સિંચાઈ સુવિધામાં મદદરૂપ થશે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 અથવા 2 બંને પૈકી એકપણ નહીં

**KUSUM**

KUSUM યોજના અંતર્ગત ખેડૂતોના હયાત એગ્રીકલ્ચર પંપને સોલાર પંપમાં ફેરવવાની કામગીરી માટે બજેટમાં રૂા. 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- KUSUMનું પૂરું નામ 'કિસાન ઉર્જા સુરક્ષા એવં ઉત્થાન મહાભિયાન' છે.

સંદર્ભ :- Crack GPSC 2018 (ICE Publication), PAGE NO - 157




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 103

**103. ભારત સ્ટેજ ઉત્સર્ગ પ્રમાણો (ભારત સ્ટેજ એમીશન સ્ટાન્ડર્ડ) .............ને લાગુ પડે છે.**

1. પરિવહન માટેના વાહનો
2. લઘુ ઉદ્યોગો
3. પાવર પ્લાન્ટ્સ

**(A) માત્ર 1** (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1,2 અને 3

Kilns)

⇒ **અસોલા - ભાટી અભ્યારણ્ય વિશે**

- સ્થાપના : 1986
- તે દિલ્હી–હરિયાણાની સરહદના વિસ્તારમાં આવેલું છે અને 32.71 km² જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે.
- આ વિસ્તાર જૈવ–વિવિધતાના સંદર્ભે વધુ મહત્વ છે કેમ કે, તે સિંધુ અને ગંગાના મેદાનોના ભેગા થતા વિસ્તારમાં જોવા મળે છે. ઉપરાંત તે ઉત્તરી અરાવલ્લીના 'ચિત્તા' કોરીડોરનો પણ ભાગ છે. આ કોરિડોર રાજસ્થાનના સરિસ્કા રાષ્ટ્રીય ઉદ્યાનથી શરૂ થઈ અને દિલ્હી રીજ (Ridge) એ ખતમ થાય છે.
- આ સંરક્ષિત વિસ્તાર દિલ્હી રીજના ટેકરાઓની હારમાળાના બચેલા અવશેષોમાંથી એક છે. એક સમયે દિલ્હી રીજ વનાચ્છાદિત પ્રદેશ હતો પરંતુ, વિકાસના કારણે તેના ઘણા વિસ્તારો નાશ પામ્યા છે.

**નદી જોડાણ યોજના**

- રાષ્ટ્રીય હરિત પંચ એ (National Green Tribunal) પર્યાવરણીય મંજૂરીના અભાવને કારણે ગોદાવરી-પેન્ના નદીને જોડવાની યોજનાઓને રોકી છે.
- NGT એ જણાવ્યું છે કે આ યોજનાઓ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986ની અંતર્ગત આવે છે. આવી યોજનાઓને પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1974 અને વાયુ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1981 હેઠળ પણ પર્યાવરણીય મંજૂરી અને સંમતિની આવશ્યકતા છે.
- ગોદાવરી–પેન્ના આંતરજોડાણ યોજના :– આ ગોદાવરી–કિષ્ના આંતરજોડાણ યોજનાનો એક ભાગ છે અને પાંચ તબક્કામાં પૂર્ણ થશે.

⇒ **પેન્ના નદી**

**બી.એસ. VI માપદંડો (BS-VI Norms)**

- ઇન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમેટિવ ટેક્નોલોજી (ICAI - International Centre for Automotive Technology) એ દ્વિચક્રીય વાહનોના સમૂહ (Two Wheeler Segment) માટે ભારત સ્ટેજ–VI (BS-VI) ધોરણો માટે ભારતનો પ્રથમ 'ટાઇપ એપ્રુવલ સર્ટિફિકેટ' (TAC) રજૂ કર્યા છે.
- ભારત સ્ટેજના ધોરણો ઓટોમેટિવ ઉત્સર્જન (Automative Emission) ધોરણો છે. ભારતમાં વાહનો વેચવા માટે ઓટોમેટિવ ઉત્પાદકોએ તેમનું પાલન કરવાનું હોય છે.
- 1 એપ્રિલ, 2020 થી ભારતમાં માત્ર એવા જ વાહનોનું વેચાણ અને નોંધણી (Register) કરવામાં આવશે, જે આ ધોરણોને અનુસરતા હોય. આ ધોરણો કડક છે અને વૈશ્વિક ધોરણોની સમાન છે.

⇒ **ICAI વિશે**

- તે ભારત અને વિદેશમાં ઉત્પાદન થયેલા વાહનો અને તેમના ઘટકોના પરીક્ષણ અને પ્રમાણપત્ર સેવાઓ પૂરી પાડવા માટે 'મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ' દ્વારા અધિકૃત સંસ્થા/એજન્સી છે.

⇒ **BS-IV અને BS-VI વચ્ચેનો તફાવત**

- હાલના BS-IV અને નવા BS-VI ધોરણો વચ્ચેનો મોટો તફાવત એ સલ્ફરની હાજરીનો છે.
- નવા ઇંધણો દ્વારા ઉત્સર્જિત સલ્ફરના પ્રમાણમાં 80% ઘટાડો કરવામાં આવશે. હાલ જે 50 ppm છે તે 10 ppm થશે. (ppm = parts per million)
- વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે, ડીઝલ તથા પેટ્રોલ ગાડીમાંથી નાઇટ્રોજન ઓક્સાઇડ્સ ($NO_x$)ના ઉત્સર્જનમાં ક્રમશ: 70% અને 25% ઘટાડો થવાની અપેક્ષા છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 49**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 106

**106. અદ્યતન ગણતરી મુજબ નીચેના રાજ્યોને વાઘની વસ્તીના ઉતરતા ક્રમમાં ગોઠવો.**

(A) કર્ણાટક, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા

(B) મધ્ય પ્રદેશ, કર્ણાટક, ઉત્તરાખંડ

(C) પશ્ચિમ બંગાળ, કર્ણાટક, મધ્ય પ્રદેશ

(D) ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ

Renew' હતી.

- આ અંતર્ગત 26 જુલાઈ, 2019ના રોજ જમ્મુ કાશ્મીરના કારગિલ જિલ્લાના દ્રાસ ખાતે આવેલ 'કારગિલ વોર મેમોરિયલ' પર દેશના ત્રણેય સેના પ્રમુખોએ કારગિલ યુદ્ધના જાંબાઝ શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.
- આ પ્રસંગે દિલ્હીથી નીકળેલી વિજયી મશાલને દ્રાસ ખાતે જનરલ બિપીન રાવતે કારગિલ વોર મેમોરિયલ પર સ્થાપિત અનંત જ્યોતની સાથે મિલાવી દીધી હતી.
- આ કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ઉપસ્થિત રહેવાના હતા. પરંતુ ખરાબ હવામાનને કારણે તેઓ દ્રાસ સુધી પહોંચી શક્યા ન હતા.
- ભારતીય સેના દ્વારા આ 20મી વર્ષગાંઠ દરમિયાન એક બુક લોન્ચ કરવામાં આવી હતી, જેનું નામ "Fire and Fury Corps saga of Valour, Fortitude and Sacrifice" છે.

⇒ **નોંધ :**

(1) 26 જુલાઈ, 2019ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે નવી દિલ્હી ખાતે આવેલા 'નેશનલ વોર મેમોરિયલ' પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

(2) 3 મે, 1999ના રોજ સૌપ્રથમ તાશી નામગ્યાલ નામના ગોવાળે કારગિલમાં પાકિસ્તાની સેનાએ ઘુસણખોરી કરી હોવાની માહિતી ભારતની સેનાને

બ્રહ્મપુત્રાના મેદાનો તથા સુંદરબન.

**ભારતના વિવિધ રાજ્યોમાં વાઘની સંખ્યા**

| ક્રમ | રાજ્ય | વાઘની સંખ્યા |
|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | 526 |
| 2 | કર્ણાટક | 524 |
| 3 | ઉત્તરાખંડ | 442 |
| 4 | મહારાષ્ટ્ર | 312 |
| 5 | તમિલનાડુ | 264 |
| 6 | કેરળ, આસામ | 190 |

- ભારતમાં વર્ષ 2006, 2010 અને 2014 બાદ તાજેતરમાં વર્ષ 2018માં વાઘની ચોથી વખત ગણતરી કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2014 બાદ વાઘની સંખ્યામાં સૌથી વધુ સુધારો તમિલનાડુના સત્યમંગલમ ટાઈગર રિઝર્વમાં થયો છે.
- જ્યારે ભારતમાં મધ્યપ્રદેશના પેંચ ટાઈગર રિઝર્વમાં વાઘોની સંખ્યા સૌથી વધુ છે.
- માત્ર છત્તીસગઢ અને મિઝોરમ રાજ્યમાં વાઘની વસતીમાં ઘટાડો થયો છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 135**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 111

**111. 2019માં ઈઝરાયલના પ્રધાનમંત્રી તરીકે બેન્જામીન નેતન્યાહૂ 5મા સત્ર માટે જીત્યા છે. તેઓ .......... પક્ષના છે.**

(A) કદિમા (B) લિકૂડ (C) બલાદ (D) મેરેટ્ઝ

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

2. ખેતમજૂરો માટેનો CPI (AL)
3. ગ્રામીણ શ્રમિકો માટેનો CPI (RL)
4. શહેરી–ગ્રામીણ સંયુક્ત CPI

- આ પૈકી પ્રથમ ત્રણની ગણતરી શ્રમ મંત્રાલયના Labour Bureau દ્વારા છે. જ્યારે શહેરી – ગ્રામીણ સંયુક્ત CPI ની ગણતરી CSO(Central Statistics Office) દ્વારા કરવામાં આવે છે.
- CPI માટે પાયાનું વર્ષ 2012 છે.
- WPI દ્વારા સેવાઓના ભાવમાં થતા ફેરફારો નોંધવામાં આવતા નથી, જ્યારે CPIમાં નોંધાય છે.
- વર્ષ 2014 થી RBI દ્વારા CPIને ભારતમાં ફુગાવાનો મુખ્ય માપદંડ તરીકે સ્વિકારવામાં આવ્યો છે.

**ઈકોનોમિક સેન્સસ - આર્થિક વસતી ગણતરી :-**

- 'મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પિલીમેન્ટેશન'(MoSPI) દ્વારા ઈકોનોમીક સેન્સસની કામગીરી હાથ ધરવામાં આવી. 2019માં

ICE EXAMS

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 30,31**

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 150

150. નવા રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ વિધેયક (સુધારા) 2019 (New National Human Rights Comission Bill (amendment) 2019 વિશે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. વિધેયક અનુસાર સર્વોચ્ચ અદાલતના પૂર્વન્યાયાધીશને પણ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષ બનાવી શકાય.
2. પાંચ સદસ્યો કે જે માનવાધિકાર વિશે જ્ઞાન ધરાવતા હોય તેમને NHRC ના સદસ્યો તરીકે નિયુકત કરી શકાય તેવી જોગવાઈ આ વિધેયક પૂરી પાડે છે.
3. તે 10 સદસ્યોની નિમણૂંક કરવાની પરવાનાગી આપે છે જેમાં ઓછામાં ઓછા 3 મહિલા સદસ્યો હોવા જોઈએ.
4. આ વિધેયક NHRC ના અધ્યક્ષા તથા NHRC અને SHRCના સદસ્યોના કાર્યકાળની હાલની મુદત કે જે પાંચ વર્ષની છે તેને ઘટાડીને 3 વર્ષની કરે છે.

(A) માત્ર 1 અને 4　　(B) માત્ર 2 અને 3　　(C) માત્ર 1, 2 અને 3　　(D) 1, 2, 3 અને 4

**'The Protection of Human Rights (Amendment) Bill, 2019' રાજ્યસભામાં પસાર**

- તાજેતરમાં 22 જુલાઈ4 2019ના રોજ 'માનવ અધિકાર સંરક્ષણ (સંશોધન) બિલ, 2019' ભારતની રાજ્યસભામાં પસાર થઈ ગયું છે.
- આ અગાઉ આ બિલ ભારતની લોકસભામાં પણ પસાર થઈ ચૂક્યું છે.

**=> આ બિલની મહત્વની જોગવાઈ**

1. હ્યુમન રાઈટ્સ કમિશનના અધ્યક્ષ તરીકે ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશની પણ નિમણૂક કરી શકાશે.
2. આયોગના સભ્યોની સંખ્યા બેથી વધારીને ત્રણ કરી શકાશે, જેમાં એક મહિલા હશે.
3. આયોગના સભ્ય તરીકે નેશનલ બેકવર્ડ ક્લાસ કમિશનના અધ્યક્ષ, નેશનલ ચાઈલ્ડ રાઈટ્સ પ્રોટેક્શન કમિશનના અધ્યક્ષ તથા દિવ્યાંગજનો સંબંધી મુખ્ય કમિશનરનો સમાવેશ કરી શકાશે.
4. આયોગ અને રાજ્ય આયોગોના અધ્યક્ષો તથા સભ્યોની મદત પાંચ વર્ષથી ઘટાડી ત્રણ વર્ષ કરવી તથા જરૂર પડ્યે તેમની ફરીથી નિમણૂક કરી શકાય તેવી જોગવાઈ કરવી.
5. કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી સિવાયના અન્ય કેન્દ્રશાસિત પ્રદેશો માનવ

**=> આ બિલ દ્વારા કયા એકટમાં સુધારો કરવામાં આવશે ?**

- આ બિલ દ્વારા 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967'માં સુધારો કરવામાં આવશે.

**=> બિલની મહત્વની જોગવાઈ**

1. આ ખરડામાં આતંકી કૃત્યને અંજામ આપનાર કે તેમાં સામેલ સંગઠનો કે વ્યક્તિઓ ઉપરાંત આતંકવાદની તૈયારી કરનાર સંગઠનો કે વ્યક્તિઓ,આતંકવાદને પ્રોત્સાહન આપનાર સંગઠનો કે વ્યક્તિઓ અથવા તો આતંકવાદ સાથે કોઈપણ રીતે સંડોવાયેલા હોય તેવા સંગઠનો કે વ્યક્તિઓને 'આતંકી સંગઠન' કે 'આતંકવાદી' જાહેર કરવાની જોગવાઈ છે.
2. આતંકી કેસોની તપાસના ભાગરૂપે હવે NIA (National Investigation Agency) જરૂર પડ્યે જે તે વ્યક્તિ કે સંગઠનની સંપત્તિ પણ જપ્ત કરી શકશે. આ માટે તેમણે હવે DGP (Director General of Police)ની મંજૂરી લેવાની જરૂર રહેશે નહિ. પરંતુ NIAના ડાયરેક્ટર જનરલની મંજૂરી જરૂરી છે.
3. ભારતમાં હાલના એક્ટ અનુસાર DSP કે ACP અથવા તો તેમનાથી ઉપરનો રેન્ક ધરાવતા અધિકારીઓ દ્વારા આવા કેસોની તપાસની જોગવાઈ હતી. હવે નવા બિલમાં આવા કેસોની તપાસ માટે NIAના ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરના રેન્કના અધિકારીઓને વધુ સશક્ત બનાવવામાં આવ્યા છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 6**




## GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 155

**155. આંતરાષ્ટ્રીય અવકાશ મથક સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયાં વિધાન/ વિધાનો સાચું/સાચાં છે ?**

1. આંતર રાષ્ટ્રીય અવકાશમથક ચંદ્રની આસપાસ પરિક્રમા કરે છે.
2. અવકાશ મથકની ભ્રમણકક્ષાનો માર્ગ પૃથ્વીથી આશરે 400 કિ.મી. ઉપર છે.
3. અવકાશમથકનો પહેલો ઘટક વર્ષ 1998માં લોન્ચ કરવામાં આવેલ અને વર્ષ 2011માં અદ્યતન મોડયુલ ફીટ કરવામાં આવેલ.
4. અવકાશ મથક પર વર્ષ 2014 માં સૌ પ્રથમ ક્રૂ (crew)પહોંચેલ

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 4 (D) માત્ર 1, 2 અને 3

છે. જેમ કે, ડી.એન.એ.ને હાનિ, શ્વસન, હૃદયરોગ અને ન્યુરોલોજીકલ વિકૃતિઓ, રોગપ્રતિકારક ક્ષમતા, કાર્સિનોજેનિક (કેન્સરકારી) ઝેર ઉપરાંત ગર્ભ વિકાસ અને ગર્ભાવસ્થામાં પણ અસર કરે છે.

- નોંધ :- નિકોટીન પોતે કેન્સરકારી નથી.

**હાઈપરસોનીક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હીકલ (Hypersonic Technology Demonstrator Vehicle - HSTDV) :-**

- હાલમાં જ ભારતના રક્ષા સંશોધન અને વિકાસ સંગઠન (DRDO - Defence Research and Development Organisation) દ્વારા સ્વદેશી રૂપથી વિકસાવેલા હાઈપરસોનીક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હીકલ (HSTDV)નું પ્રથમ સફળ પરીક્ષણ કરવામાં આવેલ છે.
- આ પરીક્ષણ ઓરિસ્સાના બાલાસોરમાં આવેલા ડો. અબ્દુલ કલામ ટાપુના એકીકૃત પરીક્ષણ રેન્જ (Integrated Testing Range - ITR) પરથી કરવામાં આવેલ છે.

=> **HSTDV (કે HTDV) વિશે :-**

- આ પ્રોજેક્ટ DRDOની મહત્વપૂર્ણ યોજના છે, જેનો ઉદ્દેશ સૈન્ય અને નાગરિક હેતુઓને સેવાઓ પૂરી પાડવાનો છે.
- આ એક માનવરહિત સ્ક્રેમજેટ પ્રદર્શન વિમાન છે. તેની ગતિ અવાજની ગતિથી 6 ગણી છે મતલબ કે 6 મેક (6 mach) છે. જેથી તે એક હાઈપરસોનીક વિમાન પણ છે. ઉપરાંત આકાશમાં તે 20 સેકન્ડમાં 32.5 kmની ઊંચાઈ સુધી જઈ શકે છે.
- આ વિમાનનો ઉપયોગ ક્રૂઝ મિસાઈલોના લોંચીંગ (પ્રક્ષેપણ) માટે થઈ શકે છે. અને ઓછા ખર્ચે ઉપગ્રહોને લોન્ચ કરવાની પણ તે ક્ષમતા ધરાવે

=> **ભારતીય સ્પેસ સ્ટેશન**

- ભારતીય સ્પેસ સ્ટેશન ઘણું નાનું હશે (આશરે 20 ટન દળ ધરાવતું) અને તેનો ઉપયોગ 'માઈક્રોગ્રેવિટી' પ્રયોગો કરવા માટે થશે. (અવકાશીય પ્રવાસનો માટે તેનો ઉપયોગ નહીં થાય)
- આ પ્રોજેક્ટને ગગનયાન મિશનનું વિસ્તૃત સ્વરૂપ માનવામાં આવશે અને પ્રારંભિક રીતે 20 દિવસ સુધી અવકાશયાત્રીઓને સહાય કરી શકે તેવી યોજના છે.
- તે પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા (Low Earth Orbit)માં આશરે 400 km અંતરે રહેશે.
- ઈસરો સ્પેસ ડોકીંગ પ્રયોગો (Spadex) પર કાર્ય કરી રહ્યું છે. આ તકનીક સ્પેસ સ્ટેશનને કાર્યરત બનાવવા માટે નિર્ણાયક છે.
- સ્પેસ ડોકીંગ એ એવી તકનીક છે કે જેના દ્વારા અવકાશયાત્રીઓ એક સ્પેસ ક્રાફ્ટમાંથી અન્યમાં સ્થાનાંતરીત થઈ શકે છે.

=> **International Space Station (ISS)**

- 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન'એ હાલ સંપૂર્ણ રીતે કાર્યરત હોય એવું વિશ્વનું લગભગ એકમાત્ર સ્પેસ સ્ટેશન છે.
- અમેરિકા અને રશિયાએ સંયુક્ત પ્રોજેક્ટ હેઠળ 20 નવેમ્બર, 1998ના રોજ આ સ્પેસ સ્ટેશન લોન્ચ કર્યું હતું.
- ત્યારબાદ તેમાં જાપાન, કેનેડા, યુરોપિયન સ્પેસ એજન્સીનો પણ સહયોગ મળ્યો હતો.
- આ સ્પેસ સ્ટેશન પૃથ્વીથી લગભગ 400 કિમીના અંતરે આવેલું છે.
- 14 માર્ચ 2019 સુધીમાં 18 દેશોના 236 જેટલા અવકાશયાત્રીઓ આ સ્પેસ સ્ટેશન પર જઈ ચૂક્યા છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 81**

ICE CURRENT NEWS
YouTube ICE RAJKOT
ICE CURRENT NEWS વીડિયો જોવા માટે અહીં CLICK કરો

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 157

**157. ભારતમાં 2017ના જંગલી હાથીની વસ્તીગણતરી બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સત્ય છે?**

1. ભારતમાં આશરે 30,000 હાથીઓ છે.
2. દેશના ઉત્તર પૂર્વ કરતાં દક્ષિણ ભાગમાં વધુ સંખ્યામાં (હાથીઓ) છે.
3. તમિલનાડુમાં સૌથી વધુ સંખ્યામાં હાથી છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1  (B) માત્ર 2 અને 3  **(C) માત્ર 1 અને 2**  (D) 1, 2 અને 3

- કોબી સિવાયના દરેક શાકભાજીમાં સીસાનું પ્રમાણ નિયત ધારણ કરતાં વધુ જોવા મળેલ છે. સૌથી વધુ પ્રમાણ પાલકમાં (14.1 mg/kg) જોવા મળ્યું છે.
- FSSAI દ્વારા શાકભાજીમાં સીસાની માત્રા 2.5 mg/kg. નક્કી કરવામાં આવી છે. યમુનાના પૂરક્ષેત્રમાં મળતાં શાકભાજીમાં સીસા તથા અન્ય ભારતે ધાતુંનું પ્રમાણ 2.8 mg/kg.થી 13.8 mg/kg. જેટલું જોવા મળે મળ્યું છે.
- આ વર્ષ 2015માં NGT દ્વારા યમુનાના પૂર ક્ષેત્રમાં ઊગાડવામાં આવતાં ખાદ્ય પાકો તથા ઘાસચારા પર પ્રતિબંધ પણ ભારે ધાતુના પ્રદૂષણને કારણે લગાડવામાં આવ્યો હતો. પરંતુ આ પ્રતિબંધની ખાસ અસર જોવા મળી નથી.
- વિવિધ ઉદ્યોગો જેવાં કે ઓટોમોબાઈલ, બેટરી, રંગ ઉદ્યોગ, પોલિથીન વગેરેમાંથી સીસું છૂટું પડતું હોય છે.

=> **આરોગ્ય પર અસરો :-**

- ભારે ધાતુઓમાં રહેલ ઝેરની અસરના કારણે વ્યક્તિમાં શક્તિના પ્રમાણમાં ઘટાડો થાય છે. મગજની કાર્યશીલતાને નુકશાન પહોંચે છે તથા ફેફસાં, કિડની અને યકૃતને પણ અસર થાય છે.
- તેઓ લોહીની સંરચનાને નુકશાન પહોંચાડી શકે છે.
- આવી ધાતુઓ સાથેના લાંબા ગાળાના સંપર્કથી કેન્સર પણ થઈ શકે છે.

**પ્રોજેક્ટ એલીફન્ટ (Project Elephant)**

- વર્ષ 2017માં થયેલ હાથીની વસતી ગણતરિમાં કેરળ રાજ્યમાં વસતા હાથીઓની સંખ્યામાં અંડર કાઉન્ટિંગ (Under Counting) થયું હોવાનું જણાયું છે.
- કેરળમાં માત્ર 3054 હાથીઓની સંખ્યા વર્ષ 2017માં જણાય હતી. પરંતુ હાલમાં પ્રસિદ્ધ થયલ એક મુજબ માહિતી કેરળમાં હાથીઓની સાચી સંખ્યા 5706 જેટલી છે.

**વર્ષ 2017માં હાથીની વસતી ગણતરી**

| રાજ્ય | સંખ્યા |
|---|---|
| કર્ણાટક | 6049 |
| આસામ | 5719 |
| કેરળ | 5706 |
| તમિલનાડુ | 2761 |
| ઓડિશા | 1976 |

- પ્રોજેક્ટ એલીફન્ટ અંતર્ગત દર 5 વર્ષે હાથીઓની વસતી ગણતરી કરવામાં આવે છે.
- વર્ષ 2017માં થયેલ ગણતરી મુજબ, હાથીઓની સૌથી વધુ સંખ્યા ધરાવતા પાંચ રાજ્યો કોષ્ટકમાં આપવામાં આવ્યાં છે.

ICE LIVE EXAMS

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 53**

Website | Telegram | YouTube | facebook | Instagram
www.iceonline.in | icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot
Download Materials | Join Channel | SUBSCRIBE NOW | #Like Page | follow

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 165

**165. ચંદ્રયાન -1 નું લિફ્ટ- ઓફ માસ(દળ) ચંદ્રયાન -2 ના લિફ્ટ- ઓફ માસ(દળ) કરતાં ........ હતું.**

**(A) વધારે**
**(B) ઓછું**
**(C) સમાન**
**(D) ચંદ્રયાન -1માં કોઈ લિફ્ટ-ઓફ માસ (દળ) નહોતું**

=> **ચંદ્રયાન-2 ક્યાંથી લોન્ચ થયું હતું ?**

➤ ભારતમાં આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

=> **ચંદ્રયાન-2 કયા રોકેટની મદદથી લોન્ચ થયું હતું ?**

=> **ચંદ્રયાન-2નું અંદાજિત વજન**

(1) ઓર્બિટર : 2379 kg
(2) લેન્ડર : 1471 kg
(3) રોવર : 27 kg
(4) ચંદ્રયાન-2નું કુલ વજન : 3850 kgથી વધુ

=> **ચંદ્રયાન-1**

➤ ચંદ્રયાન-1 એ ભારત દ્વારા ચંદ્ર પર લોન્ચ કરવામાં આવેલું ભારતનું પ્રથમ ચંદ્રયાન હતું.

➤ 22 ઓક્ટોબર 2008ના રોજ તેનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું અને 28 ઓગસ્ટ 2009 સુધી તેને ઓપરેટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનો સંપર્ક કપાઈ ગયો હતો.

➤ ભારતમાં આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી PSLV-XL C11 નામના રોકેટ દ્વારા ચંદ્રયાન-1 લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.

➤ આ મિસાઈલનું મેન્યુફેક્ચરિંગ 'ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL)' નામની કંપનીમાં થાય છે.

=> **નોંધ :**

(1) હેલિકોપ્ટરમાંથી લોન્ચ થતી એન્ટી ટેન્ક ગાઈડેડ નાગ મિસાઈલ 'HELINA' તરીકે ઓળખાય છે.
(2) HELINA એ નાગ મિસાઈલનું હેલિકોપ્ટર વર્ઝન છે.
(3) વર્ષ 2018માં Defence Acquisition Council (DAC) દ્વારા રૂ. 524 કરોડના ખર્ચે નાગ મિસાઈલ સિસ્ટમ (NAMIS) ખરીદવા માટે

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 70**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 167

**167. ડી.આર.ડી.ઓ. દ્વારા ‘‘લ્યુકોસ્કીન’’ (Lukoskin) નામની દવા વિકસાવેલ છે. જેનો ઉપયોગ ........... ના ઈલાજમાં કરવામાં આવે છે?**

(A) લ્યુકોરીયા (Leukorrhea) (B) ફેફસાનું કેન્સર (Lung Cancer)

**(C) કોઢ (Leucoderma)** (D) લ્યૂકેમિયા (Leukemi)

GPSC CURRENT AFFAIRS — ICE - Institute for Competitive Exam

### લ્યુકોડર્મા (Leukoderma) :-

- સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (DRDO-Defence Research and Development Organisation) દ્વારા લ્યુકોડર્માના ઈલાજ માટે એક નવી હર્બલ (ઔષધીય/વનસ્પતીજન્ય) દવા 'લ્યુકોસ્કીન' (Lukoskin) તૈયાર કરવામાં આવેલ છે.

=> લ્યુકોડર્મા વિશે :-

- આ એક ચામડીનો રોગ છે. જેને Vitiligo પણ કહેવામાં આવે છે. તાજેતરમાં જ 25 જૂને 'World Vitiligo Day' ઊજવવામાં આવ્યો હતો.
- લોકોમાં આ રોગની જાગૃતતા વધારવા માટે આ દિવસ ઊજવવામાં આવ્યો હતો.
- વર્ષ 2019ના આ દિવસની થીમ : 'The Quality of Life of a Vitiligo Patient' રાખવામાં આવી હતી.
- આ રોગમાં શરીર પર સફેદ ડાઘાં પડે છે. મુખ્યત્વે મેલાનીન (ચામડીનું એક રંજકદ્રવ્ય)ની અછતના લીધે આ રોગ થાય છે.
- આ રોગ બિનચેપી છે. અને તેનાથી જીવનું કોઈ જોખમ પણ નથી.
- સામાન્ય રીતે જનીનની પરિસ્થિતિઓ કે ચિંતા–તણાવની પરિસ્થિતિઓના લીધે આ રોગ થઈ શકે છે.
- દર્દીઓમાં આંખમા જાગતા, સાંભળવામાં તકલીફો આવે, સનબર્ન (Sun Burn) પણ જોવા મળે છે.
- 20-29 વર્ષની ઉંમરે આ રોગ સામાન્ય રીતે જોવા મળે છે. પરંતુ આ રોગ કોઈપણ ઉંમરે થઈ શકે છે.
- વિશ્વમાં આશરે 1-2% લોકોમાં જ આ રોગ જોવા મળે છે. જ્યારે ભારતમાં તેનું પ્રમાણ 4-5% છે. રાજસ્થાન અને ગુજરાતના અમુક કિસ્સાઓમાં આ રોગનું પ્રમાણ 5-8% જેટલું વધુ જોવા મળેલ છે.
- ઓછી આવકતા વાળા લોકો આ રોગને Leprosy સાથે સરખાવે છે. જે તદ્દન ખોટું છે. Leprosy એ ચેપી રોગ છે.

| | |
|---|---|
| S | Sensitive and Strict |
| M | Modern with Mobility |
| A | Alert and Accountable |
| R | Reliable and Responsive |
| T | Trained and Techno-savvy |

### પ્રોગ્રામ ટુવર્ડ્સ એલિમિનેશન ઓફ ટ્યુબરક્યુલોસીસ (Program Towards Elimination of Tuberculosis)

- ભારત સરકાર અને વિશ્વ બેંક વચ્ચે 400 મિલિયનનો એક લોન કરાર TB દૂર કરવાના હેતુથી સહી કરવામાં આવેલ છે.

=> આ પ્રોગ્રામ વિશે :-

- આ પ્રોગ્રામ અંતર્ગત TB(Tuberculosis) ના નિયંત્રણ માટેનો વિસ્તાર અને ગુણવત્તા વધારવાનું લક્ષ્ય છે : જેમાં મુખ્ય 9 રાજ્યોને આવરવામાં આવ્યાં છે : ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, આસામ અને તમિલનાડુ.
- વર્ષ 2025 સુધીમાં ભારતને TB (Tuberculosis) ને જડમૂળ કરવાનું લક્ષ્ય 'National Strategic Plan to End TB (Tuberculosis)' અંતર્ગત રાખ્યું છે.

=> TB (Tuberculosis) વિશે :-

- આ રોગ Mycobacterium tuberculosis નામના બેક્ટેરીયા દ્વારા ફેલાય શકે છે.
- TBનો ઈલાજ શક્ય છે. તેની સારવાર 6 મહિનાની અંદર શક્ય છે. MDR - TB અને XDR - TB દરમિયાન દવાઓ અસરહીન બને છે. (MDR એટલે Multidrug - resistant અને XDR એટલે Extensively drug resistant).
- વર્ષ 2018ના વર્લ્ડ TB રિપોર્ટ મુજબ માત્ર 3 દેશોમાં વિશ્વના MDR-TB કેસો છે. આ દેશો ભારત (24%), ચીન (13%) અને રશિયા (10%)

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 58**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 169

169. ભારતીય અવકાશ સંશોધન (ISRO) દ્વારા એક મિશન અંતર્ગત લોન્ચ કરવામાં આવેલ સેટેલાઈટ (ઉપગ્રહ)ની મહત્તમ સંખ્યા ....... છે.

(A) 101 (B) 102 (C) 103 **(D) 104**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**PSLV દ્વારા લોન્ચ કેટલાક મિશન**

| ક્રમ | રોકેટનું નામ | મિશન | તારીખ |
|---|---|---|---|
| 1 | PSLV - D1 | PSLVનું પ્રથમ મિશન | 20 સપ્ટેમ્બર, 1993 |
| 2 | PSLV - XL C11 | ચંદ્રયાન-1 | 22 ઓક્ટોબર, 2008 |
| 3 | PSLV - XL C25 | મંગળયાન | 5 નવેમ્બર, 2013 |
| 4 | PSLV - C30 | એસ્ટ્રોસેટ (ખગોળીય શોધને સમર્પિત ભારતનું પ્રથમ Space Telescope) | 28 સપ્ટેમ્બર, 2015 |
| 5 | PSLV - C37 | એક જ રોકેટ દ્વારા સૌથી વધુ 104 ઉપગ્રહ લોન્ચ | 15 ફેબ્રુઆરી, 2017 |

**સંદર્ભ :- ICE MAGIC, WEEK 34 (2019), PAGE NO - 2**




## GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 171

171. જાહેર ક્ષેત્રની વિવિધ બેંકોના વિલયન (Merger) બાબતે નીચેના પૈકીની કઈ જોડીઓ ખોટી રીતે જોડાયેલી છે ?

| એંકર બેંક(Catalytic Conversion) | | સંયોજીત બેંકો(Amalgamation Banks) |
|---|---|---|
| 1. પંજાબ નેશનલ બેંક | – | ઓરીયેન્ટલ બેંક ઓફ કોમર્સ |
| 2. ઈન્ડિયન બેંક | – | કોર્પોરેશન બેંક અને અલ્હાબાદ બેંક |
| 3. આંધ્ર બેંક | – | સીંડીકેટ બેંક અને કેનેરા બેંક |
| 4. યુનિયન બેંક | – | યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા |

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1, 2, 3 અને 4

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

ભારતમાં જાહેર ક્ષેત્રની 10 બેન્કોનું મર્જર

| ક્રમ | કઈ બેન્કમાં | કઈ બેન્કનું મર્જર થશે ? | બિઝનેસ સાઈઝ | નવી બેન્ક જાહેર ક્ષેત્રની કેટલામી સૌથી મોટી બેન્ક બનશે? |
|---|---|---|---|---|
| 1 | Punjab National Bank | Oriental Bank of Commerce<br>United Bank of India | રૂ. 17.95 લાખ કરોડ | બીજી |
| 2 | Canara Bank | Syndicate Bank | રૂ. 15.20 લાખ કરોડ | ચોથી |
| 3 | Union Bank of India | Andhra Bank<br>Corporation Bank | રૂ. 14.59 લાખ કરોડ | પાંચમી |
| 4 | Indian Bank | Allahabad Bank | રૂ. 8.08 લાખ કરોડ | સાતમી |

સંદર્ભ :- ICE MAGIC, WEEK 35 (2019), PAGE NO - 26



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 172

172. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યોગ એવોર્ડ, 2019 એનાયત કર્યા. .......... એ વ્યક્તિગત રાષ્ટ્રીય વર્ગમાં આ એવોર્ડ જીત્યો.

(A) ગુજરાતના સ્વામી સત્યેન્દ્ર વ્યાસ
(B) ગુજરાતના સ્વામી રાજર્ષિ મુનિ
(C) તામિલનાડુના સ્વામી મૃગેશન
(D) આંધ્રપ્રદેશના સ્વામી શિવાનંદ શર્મા

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ Prime Minister's Awards for Outstanding Contribution for Promotion and Development of Yoga - 2019

20 જૂન, 2019ના રોજ ભારત સરકારના **આયુષ મંત્રાલય** દ્વારા વર્ષ 2019ના **'યોગના વિકાસ અને પ્રોત્સાહનમાં ઉત્કૃષ્ટ યોગદાન માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર'** વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. જેમના નામ આ પ્રમાણે છે :

**યોગ માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર 2019 વિજેતા**

| ક્રમ | નામ | કેટેગરી |
|---|---|---|
| 1 | સ્વામી શ્રી રાજર્ષી મુનિ | વ્યક્તિગત–રાષ્ટ્રીય |
| 2 | સુશ્રી એન્ટોનિએટા રોઝી | વ્યક્તિગત–આંતરરાષ્ટ્રીય |
| 3 | બિહાર સ્કુલ ઓફ યોગ | સંગઠન–રાષ્ટ્રીય |
| 4 | જાપાન યોગ નિકેતન | સંગઠન–આંતરરાષ્ટ્રીય |

### (1) સ્વામી શ્રી રાજર્ષી મુનિ :



સ્વામી શ્રી રાજર્ષી મુનિ ગુજરાતના લીંબડી પાસે આવેલા જાખણ સ્થિત 'રાજરાજેશ્વર ધામ'ના પ્રસિદ્ધ યોગી છે.

- તેમણે 1971માં સ્વામી શ્રી કૃપાલ્વાનંદ પાસેથી દીક્ષા લીધી હતી.
- તેમણે 1993માં Lakulish International Fellowship's Enlighenment Mission (LIFE MISSION)ની સ્થાપના કરી હતી.
- અગાઉ ઉચ્ચ સનદી અધિકારી રહી ચૂકેલા પરમ યોગી શ્રી રાજર્ષી મુનિ ગુજરાતમાં કાયાવરોહણ તીર્થ સ્થિત લકુલીશ યોગ વિદ્યાપીઠના સંચાલક છે અને લાઈફ મિશનના માધ્યમથી યોગ સંસ્કૃતિને વિસ્તારી રહ્યા છે.

**સંદર્ભ :- ICE MAGIC, WEEK 25 (2019), PAGE NO - 21**

click here
JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 173

173. ભારતના માનવ સંસાધન વિકાસ મંત્રાલયે ..... માટે વિશ્વની સૌથી મોટી સંકલિત ઓનલાઈન જંક્શન ''શગુન'' શરૂ કરી છે.

(A) ખાનગી વિશ્વવિદ્યાલયો
(B) તકનીકી સંસ્થાઓ
(C) શાળાઓ
(D) સંશોધન સંસ્થાઓ



**શગુન :-**

- શગુન એ શાળા અભ્યાસ માટેનું એક એકીકૃત ઓનલાઈન જંક્શન છે. આ પ્રકારનું વિશ્વનું આ સૌથી મોટું પ્લેટફોર્મ છે.
- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા 'શગુન'ની શરૂઆત કરવામાં આવી છે.
- શાળાઓને લગતી માહિતીની ઉપલબ્ધતામાં વધારો કરવા માટેનું આ એક પ્લેટફોર્મ છે. જેમાં વિવિધ વેબસાઈટ તથા પોર્ટલો એક જ સ્થળે મળી રહેશે.
- શગુન એ બે શબ્દો 'શાળા' અને 'ગુણત્ત્વ'માંથી બનાવવામાં આવેલ શબ્દ છે.
- આ પોર્ટલ દ્વારા લોક ભાગીદારીમાં વધારો થશે જેથી પારદર્શકતા અને જવાબદારીમાં પણ વધારો થશે.

- આ એક ચેપી રોગ છે જે અસરગ્રસ્ત પશુ કે પદાર્થ સાથેના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક દ્વારા ફેલાય શકે છે.
- વધુ પડતો તાવ, આંખોમાં રતાશ, આંખ–નાકમાંથી પ્રવાહી વહેવું, નબળાઈ, ડાયેરીયા, અરૂચિ, સતત ઉધરસ કે ઊલ્ટી. રોગના આગળના સ્તરમાં પેરાલિસીસ, આંચકી અને હિસ્ટીરિયા થઈ શકે છે.
- CDVનો કોઈ જાણીતો ઈલાજ અસ્તિત્વમાં નથી.

**જન્મ સમયે જાતિ-પ્રમાણ**

- રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ (NFHS-National Family Health Survey) 2015-16 મુજબ, ભારતમાં જન્મ સમયના જાતિ પ્રમાણમાં સુધારો થયો છે. આ પ્રમાણ 914માંથી 919 થયું છે.
- પ્રતિ 1000 પુરુષના જન્મના પ્રમાણમાં મહિલાઓના થતાં જન્મને જન્મ

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 63**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 175

**175. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશો 'ફેડર' નામના માનવ રોબોટ (Humanoid Robot)ને અવકાશમાં મોકલ્યો ?**

(A) રશિયા (B) યુએસએ (C) યુકે (D) ફ્રાંસ

**SKYBOT F-850**

- રશિયાનો Skybot F-850 એ અવકાશમાં મોકલવામાં આવેલો પ્રથમ Humanoid Robot છે.
- આ રોબોટને FEDOR પણ કહેવામાં આવે છે. જેનું પૂરું નામ Final Experimental Demonstration Object Research છે. માણસ માટેના ખૂબ જ જોખમ ધરાવતાં કાર્યોને આ રોબોટ દ્વારા કરવામાં આવશે. આ રોબોટ માણસ જેવો અને માણસોની હલન-ચલનને નકલ કરી શકે છે.

- હાયપરલૂપ એ એક પરિવહન પ્રણાલી છે, જેમાં લગભગ શૂન્યાવકાશ જેવી પરિસ્થિતિ ધરાવતી ટ્યુબ દ્વારા પરિવહન કરવામાં આવે છે.
- હાયપરલૂપની વિચારધારા એ ટેસ્લાના સંસ્થાપક એલન મસ્ક (Elon Musk)ની છે.
- હાયપરલૂપ દ્વારા માણસ અને માલ-સામાન બંનેનું પરિવહન શક્ય છે.

**QRSAM**

- DRDO દ્વારા સ્વદેશી બનાવટની QRSAMનું ઓડિશાના કિનારા

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 87**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 176

**176. નીચેના પૈકી કયા દિવસે યુનેસ્કો (UNESCO) દ્વારા આંતરાષ્ટ્રીય ગુલામી વ્યાપાર અને તેના નાબૂદીની યાદગીરીનો દિવસ (International Day for Remembrance of the Slave Trade and its Abolition) તરીકે મનાવવામાં આવે છે ?**

(A) બીજી ઓગસ્ટ (B) ચૌદમી ઓગસ્ટ (C) ત્રેવીસમી ઓગસ્ટ (D) એકત્રીસમી ઓગસ્ટ

ના લક્ષ્ય સુધી પહોંચવા માટે માન્ય ગણવામાં આવશે.

- Timeની વિશ્વના 100 Greatest સ્થળોની યાદીમાં 'Statue of Unity' તથા મુંબઈના 'Soho House'નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્ષ 1998થી યુનેસ્કો દ્વારા 'ગુલામોનો વેપાર અને તેના અંતને યાદ કરવા માટેનો આંતરાષ્ટ્રીય દિવસ' દર વર્ષે 23 ઓગસ્ટે ઊજવવામાં આવે છે.
- દેશમાં બીજ–વેચાણ અને ખરીદીના બંધારણ અને વ્યવસ્થામાં ફેરફાર કરવા માટેની ભલામણ કરવા માટે કેન્દ્રએ ઉચ્ચ–સ્તરીય જૂથ બનાવ્યું છે. આ જૂથની અધ્યક્ષતા શ્રી સંજીવ નંદન સહાઈ દ્વારા કરવામાં આવી રહી છે. આ જૂથ છ માસમાં પોતાની ભલામણો રજૂ કરશે.
- ઉત્સર્જન અને આસપાસની હવાની દેખરેખ માટેના સાધનો અને ઉપકરણોને પ્રમાણિત કરવા માટે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે CSIR-NPLને રાષ્ટ્રીય ચકાસણી સંસ્થા (National Verification Agency) જાહેર કરવામાં આવી છે.

ધ્યાન નવી ફોર્સ દ્વારા રાખવામાં આવશે.

- ઉપરાષ્ટ્રપતિ દ્વારા પાંચમા Aqua Aquaria India, 2019નું હૈદરાબાદ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. જેની થીમ :– "To take Blue Revolution to India's hinterland" છે. આ એક દ્વિવાર્ષિક પ્રદર્શન છે જેનું આયોજન મરીન પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA-Marine Products Export Development Authority) દ્વારા કરવામાં આવે છે.
- 'ફિચ સોલ્યુશન મેક્રો રિસર્ચ'ના એક અહેવાલ મુજબ વર્ષ 2025 સુધીમાં ભારત ચીનની આગળ વધી વિશ્વમાં કોકીંગ કોલસાની આયાતમાં પ્રથમ ક્રમે આવશે. ભારતમાં સ્ટીલ ઉત્પાદનમાં વૃદ્ધિ થવાથી વર્ષ 2019થી 2028 દરમિયાન કોકીંગ કોલના વપરાશમાં 5.4% સરેરાશ વાર્ષિક વિકાસ થશે.
- ઓસ્ટ્રેલિયા દ્વારા પ્રથમ વખત ગ્રેટ બેરિયર રીફના લાંબા ગાળાના દરજ્જાને 'Very Poor' કેટેગરીમાં સામેલ કરવામાં આવ્યો છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 196**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 177

**177. કેન્દ્ર સરકાર દ્વારા ''સબકા વિશ્વાસ'' યોજના ................. માટે શરૂ કરવામાં આવી છે.**

**(A) કરદાતાઓ** (B) પોલીસ વિભાગ (C) સીમા શુલ્ક વિભાગ (D) આંતરાષ્ટ્રીય બાબતો

- આ સાથે–સાથે આવી ધાતુઓને આયાત અવેજીકરણ પણ 'KABIL' દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે.

**સબકા વિશ્વાસ**

- **સબકા વિશ્વાસ :-**
  કરદાતાઓમાં લાંબા સમયના વિવાદોના ઉકેલ માટે 'સબકા વિશ્વાસ' યોજના 1 ડિસેમ્બર, 2019 સુધી સક્રિય રહેશે.
- આ યોજનામાં સેવા તથા કેન્દ્રીય ઉત્પાદન કર સંબંધિત વિવાદોનું સમાધાન કરવામાં આવશે.
- આ યોજનાના બે ભાગ છે.
  (i) વિવાદ સમાધાન
  (ii) સામાન્ય માફી
- સામાન્ય માફી હેઠળ કરદાતાઓને બાકી વેરો ભરવાની તક અપાશે અને કાયદા હેઠળની અન્ય કોઈપણ અસરથી તેમને મુક્ત કરવામાં આવશે.

(i) નજીકના જનઔષધિ કેન્દ્રનું લોકેશન ગોતવા (ગુગલ મેપમાં)
(ii) જનઔષધિ જેનેરિક દવાઓ શોધવા.
(iii) જેનેરિક તથા બ્રાન્ડેડ દવાઓની સરખામણી કરવા (જેમાં કિંમત, બચત, બનાવટ વગેરેની સરખામણી થઈ શકશે)

**મેઘદૂત એપ્લિકેશન**

- ખેડૂતોને મદદ કરવા માટેની તે એક નવી મોબાઈલ એપ્લીકેશન છે.
- પૃથ્વી વિજ્ઞાન તથા કૃષિ મંત્રાલય દ્વારા આ એપ્લીકેશન લોંચ કરવામાં આવી છે.
- આ એપ્લીકેશન દ્વારા ખેડૂતોને કૃષિ તથા પશુધન માટે સ્થાનિક ભાષામાં હવામાન આધારિત કૃષિ સલાહ પ્રદાન કરવામાં આવશે.
- શરૂઆતમાં આ એપ્લીકેશન દેશના 150 જિલ્લાઓમાં કાર્યરત થશે ત્યારબાદ એક વર્ષમાં સંપૂર્ણ દેશમાં તેની સેવાઓનું વિસ્તૃતિકરણ કરવામાં આવશે.

38 ........ વર્તમાન પ્રવાહો માટે દર સોમવારે પ્રસિદ્ધ થતું ફ્રી ઓનલાઈન મેગેઝિન ICE MAGIC

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 38**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 178

178. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલ દ્વારા પ્રત્યેક દેશમાં રહેલા સુવર્ણ અનામતની યાદી 9 બહાર પાડી છે. આ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આશરે 8133 ટનની અનામત સાથે યુ.એસ.એ. આ યાદીમાં સૌંચ્ચ સ્થાને છે.
2. આઈ.એમ.એફ. ને બાકાત રાખીને ભારત એ વ્યકિતગત દેશ શ્રેણીમાં આ યાદીમાં 9 મા ક્રમે સ્થાન મેળવેલ છે.
3. આઈ.એમ.એફ. નો સમાવેશ કરીને સમગ્ર દેશ શ્રેણીમાં આ યાદીમાં ભારત 10મું સ્થાન મેળવેલ છે.
4. અહેવાલ અનુસાર ભારત(સરકાર પાસે) આશરે 2000 ટન સુવર્ણ અનામત ધરાવે છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 2 અને 3

## ➤ Gold Reserves(સુવર્ણ ભંડાર)ની બાબતમાં ભારતનો ટોપ 10માં સમાવેશ

World Gold Council દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર નેધરલેન્ડને પાછળ રાખીને Gold Reserves એટલે કે સુવર્ણ ભંડારની બાબતમાં ભારતનો સમાવેશ ટોપ 10માં થયો છે.

- આ યાદીમાં અમેરિકા પ્રથમ ક્રમે છે.
- અમેરિકા બાદ જર્મની બીજા અને IMF ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારત 10મા અને પાકિસ્તાન 45મા ક્રમે છે.
- આ યાદીમાં ભારતનો રેન્ક 10મો છે, પરંતુ સૌથી વધુ ગોલ્ડ રીઝર્વ ધરાવતા દેશોમાં ભારતનો ક્રમ 9મો છે.
- કારણ કે આ યાદીમાં ત્રીજા ક્રમે સમાવેશ પામેલ IMF કોઈ દેશ નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.

**સૌથી વધુ Gold Reserves Rank**

| ક્રમ | દેશ/સંસ્થા | સુવર્ણ ભંડાર(ટનમાં) |
|---|---|---|
| 1 | અમેરિકા | 8,133.5 |
| 2 | જર્મની | 3,336.8 |
| 3 | IMF | 2,451.8 |
| 10 | ભારત | 618.2 |
| 11 | નેધરલેન્ડ | 612.5 |
| 45 | પાકિસ્તાન | 64.6 |



નોંધ : IMFનું પૂરું નામ 'International Monetary Fund' છે.



સંદર્ભ :- ICE MAGIC, WEEK 38 (2019), PAGE NO - 34

click here JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 179

179. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની રશિયા મુલાકાતના સંદર્ભમાં નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. ભારત અને રશિયાએ યોકોવલેવ ડીઝાઈન બ્યુરો (Yakovlev Design Bureau) અને ભારત અર્થ મુવર્સ લીમીટેડ (Bharat Earth Movers Limited)(BEML) વચ્ચે પ્રારંભિક તાલિમી વિમાન દક્ષ (DAKSH) ના ઉત્પાદન અને એકત્ર (Assembly) કરવા બાબતે એમ. ઓ. યુ. (MOU) હસ્તાક્ષર કર્યા.
2. ભારતે રશિયા પાસેથી $ 14.5 બીલીયન (ડોલર)ના શસ્ત્રોનો ઓર્ડર કર્યો.
3. રશિયા દૂર પૂર્વ (Far East) ક્ષેત્રના વિકાસ માટે ભારતે ક્રેડિટ લાઈન(શાખરેખા) 100 બિલીયન ડોલર સુધીની કરી.
4. પ્રધાનમંત્રીએ રશિયા માટે એકટ ફાર ઈસ્ટ (Act Far East) યોજના શરૂ કરી.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2 અને 3 **(D) માત્ર 1 અને 3**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## 5th Eastern Economic Forum 2019

તાજેતરમાં 4થી 6 સપ્ટેમ્બર, 2019 દરમિયાન રશિયાના વ્લાદિવોસ્તોક ખાતે 5મી ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF)નું આયોજન થયું હતું.

- જેમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 5 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF)ને સંબોધન કર્યું હતું.
- જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રશિયાના પૂર્વીય ક્ષેત્રના વિકાસ માટે 1 અબજ ડોલરની લાઈન ઓફ ક્રેડીટ અથવા તો લોન આપવાની જાહેરાત કરી હતી.

નોંધ : (1) રશિયાના પૂર્વીય ક્ષેત્ર વ્લાદિવોસ્તોકની મુલાકાત લેનારા શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન છે.
(2) રશિયાના વ્લાદિવોસ્તોકમાં પોતાનું દૂતાવાસ શરૂ કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.
(3) રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમિર પુતિને તાજેતરમાં આપેલી માહિતી અનુસાર વર્ષ 2018થી અત્યાર સુધીમાં ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં 17 ટકાનો વધારો થયો છે.
(4) ઉપરોક્ત 15 કરાર ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રશિયા મુલાકાત દરમિયાન ભારત અને રશિયાની વિવિધ સંસ્થાઓ વચ્ચે બીજા 35 જેટલા વ્યાપારી કરારો પર પણ હસ્તાક્ષર થયા છે.

**સંદર્ભ :- ICE MAGIC, WEEK 36 (2019), PAGE NO - 33**

click here JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

## GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 183 (Paper-1)

183. વાર્ષિક નાણાકીય પત્રક અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. અંદાજપત્ર પણ ભાગો એટલે કે, મહેસૂલ, ખર્ચ અને ખાદ્ય ધરાવે છે.
2. અંદાજપત્ર બે ભાગમાં, વિત્ત વિધેયક અને વિનિયોગ વિધેયકમાં, રજૂ કરવામાં આવે છે.
3. વિત્ત વિધેયકમાં જ્યાંથી આવક એકત્રિત કરવામાં આવશે તે સ્ત્રોતોને લગતી જોગવાઈઓ સામેલ છે.
4. વિનિયોગ વિધેયકમાં એ ક્ષેત્રને લગતી જોગવાઈઓ સામેલ છે જેમાં ખર્ચ કરવામાં આવશે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 3 અને 4

**(C) માત્ર 2, 3 અને 4** (D) માત્ર 3 અને 4

ભારતીય બજેટ પદ્ધતિના પિતા કહેવામાં આવે છે.

(2) આઝાદી બાદ ભારતનું પ્રથમ બજેટ નાણાં મંત્રી શ્રી આર. કે. શણમુખમ શેટ્ટીએ 26 નવેમ્બર, 1947ના રોજ રજૂ કર્યું હતું. જ્યારે પ્રજાસત્તાક ભારતનું પ્રથમ બજેટ શ્રી જોન મથાઈએ રજૂ કર્યું હતું.

(3) ભારતમાં 1921માં વિલિયમ એકવર્થ સમિતિની ભલામણથી રેલવે બજેટને કેન્દ્રીય બજેટથી અલગ કરવામાં આવ્યું હતું. અને તે સૌપ્રથમ 1924માં રજૂ થયું હતું.

(4) ત્યારબાદ 1924 થી 2016 સુધી રેલવે બજેટ કેન્દ્રીય બજેટથી અલગ રજૂ થતું હતું.

(5) જોકે વર્ષ 2017થી રેલવે બજેટને કેન્દ્રીય બજેટ સાથે મર્જ કરવામાં આવ્યું છે. આથી વર્ષ 2016માં રજૂ થયેલું રેલવે બજેટ ભારતનું અંતિમ સ્વતંત્ર રેલવે બજેટ હતું.

(6) વર્ષ 2016માં ભારતનું અંતિમ રેલવે બજેટ રજૂ કરનાર ભારતના રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભુ હતા.

(7) ભારતમાં વર્ષ 2016 સુધી સામાન્ય બજેટ ફેબ્રુઆરી મહિનાના અંતિમ કામકાજના દિવસે રજૂ કરવામાં આવતું હતું. પરંતુ વર્ષ 2017થી બજેટ 1 ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવે છે.

(8) ફેબ્રુઆરી, 2019 સુધીમાં ભારતમાં સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ શ્રી મોરારજીભાઈ દેસાઈના નામે છે.

(1) ભારતમાં નાણાં મંત્રાલય દ્વારા બજેટ તૈયાર કરવામાં આવે છે.

(2) આ બજેટ ભારતના રાષ્ટ્રપતિ વતી ભારતના નાણામંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ તેને સહમતી માટે રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

(3) બજેટ રજૂ થયા બાદ બંને ગૃહમાં ત્રણથી ચાર દિવસ બજેટ પર સામાન્ય ચર્ચા થાય છે.

(4) બજેટ પર સામાન્ય ચર્ચા પૂરી થયા પછી સંસદને ત્રણ કે ચાર અઠવાડિયા સુધી સ્થગિત કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન સંસદની સ્થાયી સમિતિઓ અનુદાનની માંગણીઓની ચકાસણી કરીને તેના પર રિપોર્ટ તૈયાર કરે છે. આ રિપોર્ટ બંને ગૃહોમાં વિચાર માટે મોકલાય છે.

(5) વિભાગીય સ્થાયી સમિતિઓની ચકાસણી બાદ લોકસભામાં અનુદાનની માંગણીઓ પર મતદાન થાય છે.

(6) ત્યારબાદ બંધારણના અનુચ્છેદ-114 મુજબ સંચિત ભંડોળમાંથી નાણાં મેળવવા માટે વિનિયોગ ખરડો સંસદમાં રજૂ કરવામાં આવે છે.

(7) વિનિયોગ ખરડો રજૂ થયા બાદ નાણાંકીય ખરડો પસાર કરવામાં આવે છે. (નાણાંકીય ખરડો બજેટના દરેક પક્ષને કાયદાકીય માન્યતા પ્રાપ્ત કરાવે છે અને બજેટને પ્રભાવી સ્વરૂપ આપે છે.)

(8) ત્યારબાદ બજેટને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ બજેટ અમલમાં આવે છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 28**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No 187

**187. નીચેના વિધાનોની મદદથી પ્રાણી ઓળખો.**

1. તે ભારતની સૌથી વધુ જોખમમાં આવી ગયેલ સરિસૃપ પ્રજાતિઓ છે.
2. ચંબલ નદી પર આવેલ ચંબલ વન્યજીવ અભયારણ્ય એ તેમનું નિવાસસ્થાન છે.
3. IUCNના અભિપ્રાય મુજબ, તે પૈકીના આશરે 250 વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે.

(A) ઓલિવ રીડલી ટર્ટલ(કાચબો) **(B) ઘરીઆલ મગર**

(C) ખારા પાણીના મગર (D) સમુદ્ર ગાય(સી કાઉ–ડગોંગ)

નીતિ'ને પસાર કરવામાં આવી છે.

- આ દ્વારા મેઘાલય એવું પ્રથમ રાજ્ય બનશે કે જેની પોતાની 'રાજ્ય જળ નીતિ' હોય. બંધારણની અનુસૂચિ 7 મુજબ, 'પાણી' એ રાજ્યયાદીના વિષયોમાં આવે છે.
- આ રાજ્ય નીતિના હેતુઓ આ મુજબ છે. : જળ સ્ત્રોતને એક સહભાગી સ્ત્રોત માનવો, વરસાદી પાણીનો સંચય (સંગ્રહ) કરવો, પીવા માટે ચોખ્ખા પાણીની વ્યવસ્થા કરવી, આ ઉપરાંત ઘરેલું જરૂરિયાતો માટે અને રોજગારના વિકાસ માટે પાણીની સુવિધા કરવી વગેરે છે.
- આ નીતિનો અમલ ગ્રામ્ય સ્તરે એક 'વોટર સેનીટેશન વિલેજ કાઉન્સીલ' નિર્માણ દ્વારા થશે.
- આ નીતિમાં પાણીની જાળવણી માટેના વિવિધ ઊપાયો સૂચવવામાં આવ્યાં છે. જેમ કે વરસાદી પાણીના સંરક્ષણ માટે ચેક ડેમનું નિર્માણ કરવું, વરસાદી પાણીના સંચયની પ્રણાલીઓ બનાવવી, ભૂ–જળના અયોગ્ય વપરાશને નિયંત્રિત કરવો અને પાણીની ગુણવત્તાની જાળવણી કરવી. જો કે મેઘાલય વરસાદ દ્વારા ઘણું પાણી મેળવે છે. પરંતુ તે ખૂબ

**ઓડિશા દ્વારા ઘરિયાલ સંરક્ષણ**

- ઓડિશા દ્વારા ઘરિયાલ (માછલી ખાતા મગરોની એક પ્રજાતિ)ની વસતી વધારવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યાં છે. તેઓ વહેતી નદીના રેતાળ કિનારાઓ પર રહેવાનું પસંદ કરે છે.
- એક સમયે સિંધુથી ઈરાવદી સુધીની દરેક નદીઓમાં તે જોવા મળતા હતા. પરંતુ હાલ તે માત્ર ભારતની 2% નદીઓમાં જ જોવા મળે છે. ભારતમાં તે મુખ્યત્વે ગિરવા નદી, ચંબલ નદી, કેન નદી, સોન નદી, મહા નદી તથા રામગંગા નદીમાં જોવા મળે છે.
- ભારત ઉપરાંત નેપાળમાં રાપ્તી–નારાયણી નદીમાં પણ ઘરિયાલ જોવા મળે છે.
- તેના વિરુદ્ધના જોખમો આ મુજબ છે :

(1) તેની ચામડી માટે તેનો શિકાર,
(2) સ્થાનિક દાવઓના નિર્માણ માટે શિકાર,
(3) ડેમ જેવી અન્ય અડચણોના કારણે તેઓની હેરફેર પર રોક.





- ઉપરાંત નદી કિનારે રેતીના ખનન દ્વારા તેમના રહેઠાણોને નુકશાન થાય છે.

=> **ઘરિયાલ સંરક્ષણ :-**

- IUCNનું વર્ગીકરણ-ગંભીર રીતે જોખમી (Critically Endangered)
- વન્યજીવ અધિનિયમ, 1972 અંતર્ગત અનુસૂચિ 1માં સમાવેશ
- પ્રોજેક્ટ ક્રોકોડાઈલ – 1975 માં ભારત સરકાર, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ ફંડ તથા ખાદ્ય અને કૃષિ સંસ્થા (FAO) દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. તેનો હેતુ ઘરિયાલના સંવર્ધન અને ઉછેરનો હતો.
- સંરક્ષિત વિસ્તારો : રાષ્ટ્રીય ચંબલ અભયારણ્ય અને કતર્નિયા ઘાટ વન્યજીવ અભયારણ્ય.

- વર્ષ 2017માં પશ્ચિ બંગાળને પણ તેમના રસગુલ્લા : બંગ્લાર રસોગોલ્લા (Banglar Raogolla) માટે GI ટેગ મળેલ છે.
- બંગાળી લોકોનું માનવું છે કે રસગુલ્લાની શોધ 19મી સદીમાં નોબીન ચંદ્રદાસ દ્વારા કોલકાતામાં કરવામાં આવી હતી.
- ઓડિશાનું માનવું છે કે રસગુલ્લા નિલાદ્રી બીજ દરમિયાન ધરવામાં આવતા હતા, અને આ પરંપરા 12મી સદીમાં શરૂ થયેલી હતી. બલદામ દાસ દ્વારા ઓડિશા ભાષામાં લખાયેલી રામાયણમાં પણ રસગુલ્લાનો ઉલ્લેખ છે, જે 15મી સદીમાં લખવામાં આવી હતી.

**મારી શાળા, મારું ખેતર**

- મિઝોરમ રાજ્યની યોજના 'કાન સિકુલ, કાન હુઆન' (Kan Sikul,

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 189**

click here JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 189

189. ''વિશ્વમાં જીવંત ભાષાઓ'' (Living Language in the World)વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. પેસિફીકના દ્વિપ દેશ પાપુઆ ન્યુ ગિની (Papua New Guniea) 840 જીવંત ભાષાઓ સાથે વિશ્વમાં આ યાદીમાં ટોચ પર છે.
2. 453 ભાષો સાથે ભારત આ યાદીમાં ચોથા ક્રમનું સ્થાન ધરાવે છે.
3. વિશ્વમાં કુલ 5,000 થી ઓછી જીવંત ભાષાઓ છે.
4. ભારતમાં 42 ભાષાઓ ગંભીર રીતે લુપ્તપ્રાય ભાષાઓ છે.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4



ICE - Institute for Competitive Exam GPSC CURRENT AFFAIRS

- આ સ્થળ નવી દિલ્હીના હુમાયુના મકબરાના સંકુલની અંતર્ગત આવેલું છે.
- આ એક વિશિષ્ટ 'L' આકારની વાવ છે.

**બહેરિનનું કિષ્ના (શ્રીનાથજી) મંદિર :-**

- આ મંદિરનું નિર્માણ આશરે 1817માં થથાય ભાટિયા હિંદુ સમુદાય દ્વારા કરવામાં આવ્યું હતું તથા હાલ પણ આ મંદિરનું નિયમન પણ આ સમુદાય દ્વારા જ કરવામાં આવે છે.
- ખાડી (ગલ્ફ) દેશોનું આ પ્રથમ અને સૌથી જૂનું મંદિર માનવામાં આવે છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ મંદિરના જિર્ણોદ્ધારનો પ્રારંભ કરાવ્યો છે.

**આદર્શ સ્મારક યોજના**

- સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આ યોજના હેઠળ 100-દિવસીય એજન્ડા જાહેર કરવામાં આવ્યો છે. જેમાં 100 થી વધુ સ્મારકો પાસે વરસાદના

- વર્ષ 2019 એ સ્થાનિક ભાષાઓ માટેનું સંયુક્ત રાષ્ટ્રોનું આંતરરાષ્ટ્રીય વર્ષ છે.
- વિશ્વમાં સૌથી વધુ જીવંત સ્થાનિક ભાષાઓ પપુઆ–ન્યુ–ગિની દેશમાં છે. (આશરે 840 જેટલી) આ અંતર્ગત ભારત 453 ભાષાઓ સાથે ચોથા ક્રમે આવે છે.
- Ethnologue નામની એક ભાષાઓની ડિરેક્ટરીમાં વિશ્વમાં કુલ 7,111 જીવંત ભાષાઓની સુચિ આપવામાં આવી છે.
- જ્યારે પ્રથમ ભાષાઓની ગણતરી કરવામાં આવે તો સૌથી વધુ બોલાતી ભાષાઓ આ મુજબ છે : ચાઈનીઝ, સ્પેનીશ, અંગ્રેજી, હિન્દી અને અરબી.
- વર્ષ 2016માં UN's Permanent Forum on Indigenous Issuesના એક તારણ મુજબ, 6700 બોલાતી ભાષાઓમાંથી 40% ભાષાઓ વિલુપ્ત થવાના ખતરામાં છે.
- યુનેસ્કો મુજબ, વિશ્વમાં વર્ષ 1950થી હાલ સુધીમાં આશરે 228 ભાષાઓ વિલુપ્ત થઈ ગય છે.

**સ્થાનિક લોકો**

સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 93




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 198

**198. નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?**

1. મિસલ્સ અને રૂબેલા બેક્ટેરીયાજનિત અતિ ચેપી રોગો છે જે તે રોગના દર્દીના ઉધરસ કે છીંકના માધ્યમથી થતાં તેના સંપર્ક દ્વારા ફેલાય છે.
2. કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 9 માસથી 15 વર્ષથી ઓછી વયજૂથ માટે મિસલ્સ–રૂબેલા રસીકરણ અભિયાન આરંભેલ છે.

(A) માત્ર 1     **(B) માત્ર 2**

(C) 1 અને 2 બંને     (D) 1 અને 2 બંને માંથી એકપણ નહીં

- દિવ્યાંગો માટેના ભૌતિક માળખાના અભાવ, સહાયકારી તક્નીકો, માહિતી અને સંચાર તક્નીકો અને વિવિધ સહાયકારી ઉપકરણો વગેરેના અભાવના કારણે 'ડ્રોપ આઉટ' બાળકોનું પ્રમાણ વધે છે.

=> **મુખ્ય ભલામણ :-**

- શિક્ષણના અધિકાર(RTE)નો દિવ્યાંગ અધિકાર કાનૂન, 2016 સાથે સમન્વય સાધવો જોઈએ. માળખાકીય, નાણાકીય અને વર્તણૂકમાં બદલાવ લાવી દરેક બાળકને તેનો શિક્ષણનો અધિકાર અપાવવો જોઈએ.

**નેશનલ મિશન ઈન એજ્યુકેશન થ્રુ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી (NMEICT) :-**

- માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા NMEICT (National Mission in Education Through Information and Communication Technology) યોજનાનું સંચાલન થઈ રહ્યું છે. દેશમાં ICTના ઉપયોગ

**ઓરી (Measles) :-**

- હાલમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO-World Health Organization) દ્વારા શ્રીલંકાને ઓરી મુક્ત જાહેર કરવામાં આવ્યું છે. દક્ષિણ–પૂર્વ એશિયામાંથી શ્રીલંકા પાંચમો દેશ છે જેને ઓરી મુક્ત જાહેર કરવામાં આવેલો હોય, અન્ય ચાર ઓરી મુક્ત દેશો ભૂટાન, માલદીવ્સ, ઉત્તર કોરીઆ અને તિમોર–લેસ્તે છે.
- ઓરી મુકત ઓળખ માટે જે તે દેશમાં ત્રણ વર્ષ સુધી ઓરીના કોઈપણ નવા કેસ દાખલ થયેલા હોવા જોઈએ નહીં.

=> **ઓરી વિશે :-**

- ઓરી એ એક અતયંત ચેપી વાયરલ રોગ છે. સલામત અને અસરકારક રસીની ઉપલબ્ધતા હોવા છતાં, વિશ્વભરમાં નાના બાળકોના મૃત્યુનું તે એક અગત્યનું કારણ છે.



## ➤ ઓરી-રૂબેલા (એમ.આર.) રસીકરણ અભિયાન

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 16 જુલાઈ, 2018ના રોજ ગાંધીનગરના સેક્ટર-7ની માધ્યમિક શાળાથી ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો છે.

- આ અભિયાન અંતર્ગત ગુજરાતમાં 9 મહિનાથી લઈને 15 વર્ષ સુધીના આશરે 1.5 કરોડ બાળકોને રસી આપવામાં આવશે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 59 60**
**ICE MAGIC WEEK 29 (2018) PG - 27**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 200

**200. ''ઉજ્જવલા પ્લસ''નો ઉદ્દેશ કયો છે ?**

(A) બી.પી.એલ. પરિવારોને 2020 સુધીમાં રસીકરણ હેઠળ આવરી લેવા.

(B) ગરીબ પરીવારોના લાભાર્થે લોકોને રાંધણ ગેસના કનેકશન દાન કરવા માટે છૂટ આપવી.

(C) 100% ગ્રામ્ય વિજળીકરણ સિદ્ધ કરવું.

(D) સાર્વત્રિક રહેણાંક વિજળીકરણ સિદ્ધ કરવું.

**ઉજ્જવલા યોજના**

ગરીબ મહિલાઓ માટે અતિ મહત્ત્વની એવી ઉજ્જવલા યોજના અંતર્ગત સરકારનું લક્ષ્ય 5 કરોડ ગરીબ મહિલાઓને મફત એલપીજી કનેકશન આપવાનું હતું.

- દેશની વધુ મહિલાઓ આ યોજનાનો લાભ લઈ શકે તે માટે 5 કરોડની જગ્યાએ હવે 8 કરોડ ગરીબ મહિલાઓને મફત એલપીજી કનેકશન આપવામાં આવશે.

ICE FOR COMPETITIVE EXAMS

**સંદર્ભ :- ICE MAGIC WEEK 06 (2018) PG - 17**



# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 26 (Paper-1)

26. ઉમાશંકર જોશી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તેમની કવિતા, ‘‘વિશ્વ શાંતિ’’ ગાંધીજીના સંદેશ અને જીવનકાર્ય સંદર્ભે છે.
2. તેઓ રાજ્યસભામાં ચૂંટાયા હતાં.
3. તેઓ જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર પ્રથમ ગુજરાતી લેખક હતા.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2, અને 3

www.iceonline.in | ONLY WHATSAPP 93276-01110 | icerajkot



**જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગુજરાતી સાહિત્યકારો**

| ક્રમ | સાહિત્યકાર | વર્ષ | કઈ કૃતિ માટે ? |
|---|---|---|---|
| (1) | ઉમાશંકર જોષી | 1967 | નિશીથ (કાવ્યસંગ્રહ) |
| (2) | પન્નાલાલ પટેલ | 1985 | માનવીની ભવાઈ (નવલકથા) |
| (3) | રાજેન્દ્ર શાહ | 2001 | ધ્વનિ (કાવ્યસંગ્રહ) તથા સમગ્ર સર્જન બદલ |
| (4) | રઘુવીર ચૌધરી | 2015 | અમૃતા (નવલકથા) |

**સંદર્ભ :- ICE MAGIC, WEEK 50 (2019), PAGE NO - 22**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.99(Paper-1)

99. ઈ.સ. 1943માં સુભાષા ચંદ્ર બોઝે રચેલી સ્વતંત્ર ભારતની સરકારને નીચે પૈકી કયા દેશોએ માન્યતા આપેલી.

1. જાપાન   2. આયર્લેન્ડ   3. કોરિયા   4. ઈટલી

(A) 1 અને 4 માત્ર
(B) 2 અને 3 માત્ર
(C) 1, 2 અને 3 માત્ર
(D) 1, 2, 3 અને 4

## આઝાદ હિંદ સરકાર

21 ઓક્ટોબર, 1943ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝે સિંગાપોરમાં ભારતની પ્રથમ સ્વતંત્ર સરકારની રચના કરી હતી.

- આ સરકારને 'આઝાદ હિંદ સરકાર' નામ આપવામાં આવ્યું હતું.
- આ સરકારનું મુખ્યમથક સિંગાપોર ઉપરાંત મ્યાનમારના રંગૂન ખાતે પણ સ્થાપવામાં આવ્યું હતું.
- આ સરકારને જર્મની, જાપાન સહિત કુલ 11 દેશોએ માન્યતા આપી હતી.
- ભારત બહાર બ્રિટિશ શાસન વિરુદ્ધ લડાઈ લડવા માટે સ્થાપવામાં આવેલી આ સરકારને પોતાની બૅંક હતી, પોતાનું ચલણ હતું, પોતાની ટપાલ ટિકિટ હતી, પોતાની ગુપ્તચર સેવા હતી.
- શ્રી સુભાષચંદ્ર બોઝ આ સરકારના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને યુદ્ધમંત્રી હતા.
- આ સરકારની સ્થાપના માટે શ્રી સુભાષચંદ્ર બોઝ જર્મનીથી સબમરિન દ્વારા દક્ષિણ એશિયા આવ્યા હતા. અને પછી ત્યાંથી જાપાન થઈને સિંગાપોર પહોંચ્યા હતા.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ સરકાર 'અર્જી-હુકૂમત-એ-આજાદ' અથવા તો 'સ્વાધીન ભારતની અંતરિમ સરકાર' તરીકે પણ ઓળખાય છે.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ 'આઝાદ હિંદ સરકાર' અખંડ અને અવિભાજિત ભારતની દેશ બહાર બનેલી પ્રથમ સરકાર હતી.



સંદર્ભ :- ICE MAGIC, WEEK 04 (2019), PAGE NO - 14



## GPSC 1/2, 13/10/2019ના B Seriesના Que. No. 101 (Paper-1)

**101. કેટલા એશિયન દેશો જી-20ના સભ્યો છે ?**

(A) 5 (B) 6 **(C) 7** (D) 8

=> G 20

- G 20ને 'Group of Twenty' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- G 20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તુર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G 20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 80 ટકા વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G 20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.
- નોંધ : વર્ષ 2019ની G 20 સમિટના અધ્યક્ષ જાપાનના રાષ્ટ્રપતિ શ્રી શિન્ઝો અબે હતા.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 106**

ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT

ICE CURRENT NEWS વીડિયો જોવા માટે અહી CLICK કરો

## GPSC 1/2, 13/10/2019ના B Seriesના Que. No. 110 (Paper-1)

**110. સંસદમાં ખરડાના વાંચન બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

1. પ્રથમ વાંચન– આ તબક્કે ખરડા અંગે કોઈ ચર્ચા થતી નથી.
2. બીજું વાંચન– ગૃહ બંને ગૃહોના સભ્યોની બનેલી સંયુકત સમિતિને ખરડો મોકલી શકે છે.
3. ત્રીજું વાંચન– ગૃહ લોકોનો અભિપ્રાય મેળવવા માટે ખરડાને પરિપત્રિત કરી શકે છે.
4. ત્રીજું વાંચન– ખરડો પ્રિસાઈડીંગ ઓફિસરને મોકલવામાં આવશે જે તેને પ્રમાણિત કરે છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 4 (D) માત્ર 1, 2 અને 3

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**સામાન્ય ખરડો (અનુચ્છેદ-107) પસાર થવાની પ્રક્રિયા**

- સામાન્ય ખરડો સૌપ્રથમ સંસદના કોઈપણ ગૃહમાં (રાજ્યસભા કે લોકસભામાં) રજૂ કરી શકાય છે.
- સામાન્ય ખરડો 7 અવસ્થા અને 3 વાંચનમાંથી ગૃહમાં પસાર થાય છે. આ પ્રક્રિયા નીચે મુજબ છે.






**સંદર્ભ :- ICE MAGIC, WEEK 31 (2019), PAGE NO - 23**

click here JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

## GPSC 1/2, 13/10/2019ના B Seriesના Que. No. 151 (Paper-1)

151. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. સામાન્ય રીતે, રાજ્યના રાજ્યપાલ બહુમતી મેળવનાર પક્ષના નેતાને રાજ્ય વિધાનસભામાં મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
2. જ્યારે વિધાનસભામાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળે ત્યારે રાજ્યપાલ પસંદગીમાં તેમની વ્યકિતગત વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને મુખ્યમંત્રની નિમણૂક કરે છે.
3. રાજ્યના વિધાનસભાના સભ્ય માત્ર મુખ્યપ્રધાન બનવા માટે લાયક છે.

(A) માત્ર 2 અને 3
(B) માત્ર 1 અને 3
**(C) માત્ર 1 અને 2**
(D) 1, 2 અને 3

### કર્ણાટકમાં સરકાર રચવા દાવેદારી

કર્ણાટક વિધાનસભાની આ ચૂંટણીમાં કોઈ એક પક્ષને બહુમતી ન મળતાં કર્ણાટકમાં બે પક્ષો દ્વારા સરકાર રચવા માટે દાવેદારી કરવામાં આવી હતી. આ અંતર્ગત –

(1) **શ્રી એચ. ડી. કુમારસ્વામી**ના નેતૃત્વમાં જેડી(એસ)ના નેતાઓ કર્ણાટકના રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળાને મળ્યા હતા અને કોંગ્રેસના સહયોગથી સરકાર રચવાનો દાવો કર્યો હતો.

(2) જ્યારે બીજી તરફ ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર **શ્રી બી. એસ. યેદીયુરપ્પા**ના નેતૃત્વમાં ભાજપના પ્રતિનિધિમંડળે પણ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા સમક્ષ સરકાર રચવાનો દાવો કર્યો હતો.

**નોંધ :** (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર જો કોઈ રાજ્યમાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળે તો મુખ્યમંત્રી પદ માટે કોને આમંત્રણ આપવું તે રાજ્યપાલ નક્કી કરી શકે છે.

(2) રાજ્યપાલની આ સત્તા વિવેકાધીન છે. અને બંધારણના વિવિધ અનુચ્છેદોની અંતર્નિહિત શક્તિમાંથી રાજ્યપાલને આ સત્તા મળેલી છે. આ અંગે બંધારણમાં કોઈ સ્પષ્ટ લખાણ નથી.



**સંદર્ભ :- ICE MAGIC, WEEK 20 (2018), PAGE NO - 18**



## GPSC 1/2, 13/10/2019ના B Seriesના Que. No. 165 (Paper-1)

**165. ભારતીય બંધારણના વિકાસ અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

1. બંધારણ સભાએ 9 ડિસેમ્બર, 1946 ના રોજ તેની પ્રથમ બેઠક યોજી હતી.
2. ડો. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.
3. સી. રાજગોપાલાચારીએ 11 જાન્યુઆરી, 1947 ના રોજ 'ઉદ્દેશ ઠરાવ' રજૂ કર્યો હતો.
4. ઉદ્દેશ ઠરાવમાં મૂળભૂત અને બંધારણીય માળખાની ફિલસૂફી રજૂ કરવામાં આવેલ.

**(A) માત્ર 1, 2 અને 4** (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 3 અને 4

### બંધારણ સભાના અધ્યક્ષ

- ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ નવીદિલ્હીના વર્તમાન સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી.
- બંધારણ સભાની આ પ્રથમ બેઠકમાં બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ડો. સચ્ચિદાનંદ સિન્હાની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ 11 ડિસેમ્બર, 1946ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

### ઉદ્દેશ પ્રસ્તાવ

- બંધારણ સભામાં 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહર લાલ નહેરુ દ્વારા 'ઉદ્દેશ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.
- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

**સંદર્ભ :- ICE MAGIC, WEEK 04 (2019), PAGE NO - 33**




## GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 169 (Paper-1)

**169. ભારતીય બંધારણના અનુચ્છેદ 35A નીચેના પૈકી કયું/કયાં સાચું/સાચાં છે ?**

1. રાષ્ટ્રપતિના આદેશ દ્વારા બંધારણમાં તેને ઉમેરવામાં આવ્યો.
2. આ અનુચ્છેદને અનુચ્છેદ 370 સાથે દાખલ કરવામાં આવ્યો હતો.
3. તે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળની એક વિશેષ જોગવાઈ હતી.
4. તે બંધારણીય ઉપાયના અધિકાર લગત છે.

(A) માત્ર 1     **(B) માત્ર 1 અને 2**

(C) માત્ર 1, 3 અને 4     (D) 1, 2, 3 અને 4

=> **કલમ 35-A અંગેની બંધારણીય જોગવાઈ**

- 14 મે 1954ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ડો. રાજેન્દ્રપ્રસાદ દ્વારા એક આદેશ – The Constitution (Application of Jammu Kashmir) Order, 1954 બહાર પાડીને ભારતીય બંધારણમાં કલમ 35-A ઉમેરવામાં આવી હતી.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 370 (1) (d) અંતર્ગત મળેલા વિશેષાધિકારોને આધારે જ રાષ્ટ્રપતિશ્રીએ ઉપરોક્ત કલમ 35-A ભારતીય બંધારણમાં વિવાદાસ્પદ રીતે સંસદની મંજૂરી વિના જ ઉમેરી હતી.
- આથી, અનુચ્છેદ 370ની તમામ જોગવાઈઓ રદ થતા અનુચ્છેદ 370 (1)(d)ને આધારે રચાયેલી અનુચ્છેદ 35-A પણ હવે આપો આપ જ રદ થઈ ગઈ છે.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 3**




## GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.186(Paper-1)

**186. ભારતમાં ઉચ્ચ ન્યાયાલયને લગતા નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

1. સામાન્ય રીતે ઉચ્ચ ન્યાયાલયોમાં ન્યાયાધીશોની ચાર કક્ષા હોય છે.
2. ઉચ્ચ ન્યાયાલયમાં ચાર પ્રકારના ન્યાયાધીશ – કાયમી ન્યાયાધીશ, વધારાના ન્યાયાધીશ, કાર્યકારી ન્યાયાધીશ અને એડહોક ન્યાયાધીશ હોય છે.
3. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના વર્ષ 1965માં કેરેલા ઉચ્ચ ન્યાયાલયની સાથે થઈ હતી.
4. હાલમાં ભારતમાં 25 ઉચ્ચ ન્યાયાલયો છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 1, 2 અને 4 (D) માત્ર 1, 3 અને 4

### હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના ભાગ 6ના અનુચ્છેદ 214થી 231 અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ 25 હાઈકોર્ટ આવેલી છે.
- કોલકાતા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે. તેની સ્થાપના 2 જુલાઈ, 1862ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે 23, 25 અને 26 માર્ચ 2013ના રોજ અનુક્રમે મેઘાલય, મણિપુર અને ત્રિપુરામાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ 1 જાન્યુઆરી 2019ના રોજ ભારતમાં 25મી હાઈકોર્ટ તરીકે આંધ્રપ્રદેશ હાઈકોર્ટની રચના કરવામાં આવી છે.
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના 1 મે 1960ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 214 અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ 1956ના 7મા બંધારણીય સુધારા અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

**સંદર્ભ :- ICE MAGIC, WEEK 37 (2019), PAGE NO - 9**




# GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No.192(Paper-1)

**192. નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા બીજા આરોગ્ય સૂચકાંક (2017-18) અનુસાર નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

1. એકંદરે આરોગ્ય કામગીરીના મામલે ઉત્તરપ્રદેશનો ક્રમ સૌથી નીચો છે.
2. કેરાલાએ સતત બીજી વખત એકંદરે આરોગ્ય સૂચકાંકમાં પ્રથમ ક્રમનું સ્થાન મેળવ્યું છે.
3. સૂચકાંકમાં ગુજરાત ચોથા ક્રમે રહ્યું છે.
4. પંજાબ અને હિમાચલ પ્રદેશ સાતમા અને આઠમા સ્થાને છે.

(A) માત્ર 1 અને 4 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3



=> **આ રિપોર્ટ કોના દ્વારા તૈયાર થયો છે ?**

- વિશ્વબેંકની ટેકનિકલ સહાય અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી નીતિ આયોગ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ તૈયાર કરવા માટે દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે :
  (1) દેશના 21 મોટા રાજ્યો
  (2) દેશના 2 નાના રાજ્યો અને
  (3) 7 કેન્દ્ર શાસિત પ્રદેશો
- આ રિપોર્ટ બે ભાગમાં તૈયાર કરવામાં આવ્યો છે :

(1) સમગ્ર પ્રદર્શન : એક બીજા રાજ્યોની તુલનાએ સમગ્ર પ્રદર્શનને આધારે અને

**વર્ષ 2017-18માં સમગ્ર પ્રદર્શનને આધારે ક્રમાંક**

| 21 મોટા રાજ્યોનો ક્રમાંક | |
|---|---|
| ક્રમ | રાજ્ય |
| 1 | કેરળ |
| 2 | આંધ્રપ્રદેશ |
| 3 | મહારાષ્ટ્ર |
| 4 | ગુજરાત |
| 21 | ઉત્તરપ્રદેશ |

| 8 નાના રાજ્યોનો ક્રમાંક | |
|---|---|
| ક્રમ | રાજ્ય |
| 1 | ત્રિપુરા |
| 2 | મણિપુર |
| 3 | મિઝોરમ |

| 7 કેન્દ્ર શાસિત પ્રદેશોનો ક્રમાંક | |
|---|---|
| ક્રમ | કેન્દ્ર શાસિત પ્રદેશ |
| 1 | દાદરા અને નગર હવેલી |
| 2 | ચંદીગઢ |

=> નોંધ :

(2) જ્યારે વાર્ષિક પ્રગતિને આધારે આ રિપોર્ટમાં રાજ્યોને ચાર કેટેગરીમાં વહેંચવામાં આવ્યા હતા. જેમાંથી ગુજરાતનો સમાવેશ Least Improved નામની કેટેગરીમાં થયો છે.

(3) આ રિપોર્ટમાં વર્ષ 2015-16ની તુલનાએ વર્ષ 2017-18માં ગુજરાતના પર્ફોર્મન્સમાં 1.53 પોઈન્ટનો સુધારો થયો છે. આથી આ રિપોર્ટમાં ગુજરાતનો સ્કોર 61.99થી વધીને 63.52 થઈ ગયો છે.

**વર્ષ 2015-16ની તુલનાએ વર્ષ 2017-18માં વાર્ષિક પ્રગતિને આધારે ક્રમાંક**

| 21 મોટા રાજ્યોનો ક્રમાંક | |
|---|---|
| ક્રમ | રાજ્ય |
| 1 | હરિયાણા |
| 2 | રાજસ્થાન |
| 3 | ઝારખંડ |
| 10 | ગુજરાત |
| 21 | બિહાર |

## SRB Report

- નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા રિપોર્ટ' અંતર્ગત પ્રસિદ્ધ કરવામાં આવેલા SRB (Sex Ratio
- સૌથી ઓછા સ્ત્રી જન્મદરમાં હરિયાણા (832) બાદ ગુજરાત (848) બીજા ક્રમે છે.

**ભારતના 21 મોટા રાજ્યોમાં વર્ષ 2014-16 દરમિયાન દર 1000 પુરુષોએ સ્ત્રી જન્મદર**

| ક્રમ | રાજ્ય | 1000 પુરુષોએ સ્ત્રી જન્મ દર |
|---|---|---|
| 1 | છત્તીસગઢ | 963 |
| 2 | કેરળ | 959 |
| 3 | ઓડિશા | 948 |
| 4 | પશ્ચિમ બંગાળ | 937 |
| 5 | કર્ણાટક | 935 |

196. બાંગ્લાદેશ અને ભારત નીચેના પૈકી કયા જૂથમાં કોમન મેમ્બર્સ છે ?

1. સાર્ક (SAARC)
2. બીમસ્ટેક (BIMSTEC)
3. આઈઓઆરએ (IORA)
4. કોમનવેલ્થ

(A) 1, 2, 3 અને 4
(B) 1, 2 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 2, 3 અને 4

સ્થાપનાની જાહેરાત પણ કરી હતી.

## BIMSTEC

બિમ્સ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.

- બિમ્સ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેક્નીકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણાપત્ર' અંતર્ગત બિમ્સ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- બિમ્સ્ટેકમાં કુલ સાત સભ્ય દેશો છે.
- તેના સાત સભ્ય દેશોમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઇલેન્ડનો સમાવેશ થાય છે.
- BIMSTECનું પૂરું નામ 'Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation' છે.
- બિમ્સ્ટેકના સભ્ય દેશોની કુલ વસતી 1.5 અબજ છે. જે વિશ્વની વસતીના 21 ટકા છે.



## SAARC

સાર્ક (SAARC)નું પૂરું નામ 'South Asian Association for Regional Cooperation' છે.

- તેને ગુજરાતીમાં 'દક્ષિણ એશિયાઇ ક્ષેત્રીય સહયોગ સંગઠન' (ટૂંકમાં 'દક્ષેસ') તરીકે પણ ઓળખવામાં આવે છે
- સાર્ક એ દક્ષિણ એશિયામાં સ્થિત 8 સભ્ય દેશોનું બનેલું એક સંગઠન છે.
- દક્ષિણ એશિયામાં આર્થિક અને ભૂરાજકીય સહકારના ઉદ્દેશથી આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડુંમથક નેપાળના કાઠમંડુ ખાતે આવેલું છે.
- બાંગ્લાદેશના ઢાકા ખાતે 8 ડિસેમ્બર 1985ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેના સ્થાપક સાત સભ્ય દેશોમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, માલદીવ અને ભૂટાનનો સમાવેશ થાય છે.
- એપ્રિલ 2007માં સાર્ક દેશોના 14માં શિખર સંમેલનમાં અફઘાનિસ્તાન સાર્ક દેશોનો આઠમો સભ્ય દેશ બન્યો હતો

નોંધ : સાર્કના વર્તમાન (30 સપ્ટેમ્બર, 2018ની સ્થિતિએ) સેક્રેટરી જનરલ પાકિસ્તાનના શ્રી અમજદ હુસૈન બી. સિયાલ છે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સંદર્ભ :- ICE MAGIC, WEEK 35 (2018), PAGE NO - 20
ICE MAGIC, WEEK 40 (2018), PAGE NO - 3

## GPSC 1 - 2, 13/10/2019ના B Seriesના Que. No. 197 (Paper-1)

197. બાંડુંગ કોન્ફરન્સ (Bandung Confefence), 1955માં સંમત થયેલા સિદ્ધાંતોએ નીચે પૈકી કોને જન્મ આપ્યો ?

**(A) NAM** (B) ASEAN (C) SAARC (D) BRICS

=> **NAM વિશે :-**

- તેની સ્થાપના વર્ષ 1961માં બેલગ્રેડ (Belgrade)માં કરવામાં આવી હતી.
- તેની સ્થાપના યુગોસ્લાવીયા, ભારત, ઈજિપ્ત, ઘાના અને ઈન્ડોનેશિયાના વડાઓ દ્વારા કરવામાં આવી હતી.
- NAMની સ્થાપના શીત યુદ્ધ દરમિયાન થઈ હતી. આ એક એવી સંસ્થા હતી કે જેના સભ્યો યુ. એસ. કે સોવિયેત યુનિયન સાથે જોડાવા માંગતા ન હતા પરંતુ નિરપેક્ષ કે સ્વતંત્ર રહેવા માંગતા હતા.
- આ ચળવળનો ઉદ્ભવ એશિયા–આફ્રિકાના વર્ષ 1955ના સંમેલન દરમિયાન થયો હતો. આ સંમેલન ઈન્ડોનેશિયાના બાન્ડુંગમાં યોજાયું હતું.

**સંદર્ભ :- Crack GPSC 2019 (ICE Publication), PAGE NO - 92**


